Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૩ મું. આત્મ સં. ૫૦ સંવત ૨૦૦૨.

અંક ૯ મો. ચૈત્ર : એપ્રીલ.

તા. ૧૦-૪-૧૯૪૬.

સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર.

વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક—

— : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર : —

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા.


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી સિદ્ધચક્ર સ્તવન ... ... ... | લે. આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી | ૧૪૯ |
| ૨ | મોહ મહિમા ... ... ... | લે. આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ | ૧૫૦ |
| ૩ | ન્યાય રત્નાવલિ ... ... ... | લે. મુનિરાજશ્રી ધુરંધરવિજયજી મહારાજ | ૧૫૨ |
| ૪ | નય–પ્રમાણુ–સ્યાદ્વાદ વચ્ચેનો સબંધ અને અંતર | લે. મુનિશ્રી પુણ્યવિજયજી (સંવિગ્નપાક્ષિક) | ૧૫૫ |
| ૫ | મરણ ભય શા માટે ? ... ... | લે. વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ | ૧૫૮ |
| ૬ | શ્રીમાન્ યશોવિજયજી ... ... | લે. ડૉ. ભગવાનદાસ મનઃસુખલાલ મહેતા | ૧૬૦ |
| ૭ | કલિકાલ સર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજીની જીવન ઝરમર | લે. મુનિશ્રી ન્યાયવિજયજી | ૧૬૪ |
| ૮ | પ્રમાદનું રહસ્ય ... ... ... | લે. ચોકસી | ૧૬૫ |
| ૯ | જૈનશાસન–જ્યોતિર્ધર ... ... | લે. મોહનલાલ દ. દેશાઇ | ૧૬૮ |
| ૧૦ | વર્તમાન સમાચાર ... ... ... ... | સભા | ૧૬૮ |


## જવાબ મંગાવનારાઓને સુચના.

શ્રી આત્માનંદ પ્રકાશ માસિક, પુસ્તક પ્રકાશન ખાતા કે તેવા કોઇપણ સભાના કાર્ય માટે જે બંધુઓને કંઇ પણ ખુલાસા–જવાબની જરૂર હોય તેમણે જવાબ મેળવવા માટે પોસ્ટની ટીકીટ મોકલવા તસ્દી લેવી. ખાસ કારણ હશે તોજ માત્ર જવાબ ( તે સિવાય ) આપવામાં આવશે.

## અમારૂં સાહિત્ય પ્રકાશન ખાતું ( પ્રેસમાં ).

શ્રી બૃહત્ કલ્પસૂત્ર છેલ્લો છઠ્ઠો ભાગ, શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર મૂળ તથા શ્રી સંઘપતિ ચરિત્ર, શ્રી પાર્શ્વ ચરિત્ર તથા શ્રી વસુદેવ હિંડી–ભાષાંતર અને શ્રી મહાવીરના સમયની મહાદેવીઓ છપાય છે, શ્રી વસુદેવ હિંડીમાં આર્થિક સ્હાયની જરૂર છે. શ્રી અજિતનાથ ચરિત્ર, શ્રી સંભવનાથ ચરિત્ર, શ્રી સુમતિનાથ ચરિત્ર, શ્રી શાંતિનાથ ચરિત્ર, શ્રી આદર્શ મહાન પુરૂષ શ્રી રામચંદ્રજીનું ચરિત્ર સચિત્ર પૂર્વાચાર્યકૃત વિસ્તારપૂર્વક, ગુજરાતી ભાષામાં, શ્રી આદિનાથ પ્રભુ જેવું સુંદર વિવિધ રંગોથી સચિત્ર, છપાવવાના છે. કોઇ પુણ્ય પ્રભાવક જૈન બંધુઓની આર્થિક સહાય મળે છપાવવાનું કામ શરૂ થશે.

## ગુજરાતી ભાષાના તૈયાર થતાં ગ્રંથો.

### ૧ શ્રી વસુદેવ હિંડી ગ્રંથ. ( શ્રી સંઘદાસ ગણિકૃત ભાષાંતર. )

તત્ત્વજ્ઞાન અને બીજી ઘણી બાબાતોને પ્રમાણિક ઠરાવવા સાક્ષીરૂપ આ ગ્રંથનું મૂળ બહુજ પ્રયત્નપૂર્વકનું સંશોધન સદ્દગત મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ તથા વિદ્યમાન સાક્ષરવર્ય **મુનિરાજ શ્રી પુણ્યવિજયજી** મહારાજે કરી જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભારતનો ઇતિહાસ તૈયાર કરવા માટે અજોડ અને બહુ જ પ્રાચીન ગ્રંથ છે. આવા બહુમૂલ્ય ગ્રંથનું ભાષાંતર વિદ્વાન બંધુ રા. રા. **ભોગીલાલ જ.** સાંડેસરા અમદાવાદવાળા પાસે તૈયાર કરાવેલ છે. કોઇ પુણ્યવાન અને સુકૃતની લક્ષ્મી પામેલ જૈન બંધુનું નામ આ ગ્રંથમાં ફૉટો અને જીવનચરિત્ર સાથે જોડાય તેમ ઇચ્છીએ છીએ. આ ગ્રંથમાં અનેક ઐતિહાસિક સામગ્રી, અનેક જાણવાયોગ્ય વિષયો અને સુંદર કથાઓ આવેલી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૨. ચૈત્ર પુસ્તક ૪૩ મું.

વિક્રમ સં. ૨૦૦૨. :: ઇ. સ. ૧૯૪૬ એપ્રીલ :: અંક ૯ મો.

## ॥ શ્રી સિદ્ધચક્ર સ્તવ ॥

॥ રાગ—જગજીવન જગવાલહો ॥

શ્રી સિદ્ધચક્ર આરાધીએ, છંડી ભવજંજાળ લાલ રે;
આરાધક સુખિયા બને, જય વિજયી ત્રણ કાળ લાલ રે. ॥શ્રી॥૧॥

અરિહંત સિદ્ધ સૂરીશ્વરા, પાઠક મુનિ સમકિત લાલ રે;
નાણ ચરણ તપથી થયા, જીવ અનંતા મુક્ત લાલ રે. ॥શ્રી॥૨॥

રોગ ઉપદ્રવ સંકટો, વિઘ્ન વિપત્તિ વિનાશ લાલ રે;
આનંદમંગલ સંપજે, આત્મિક ધર્મ પ્રકાશ લાલ રે. ॥શ્રી॥૩॥

ધન્ય શ્રીપાલ નરેશ્વરુ, મયણા રાણી ધન્ય લાલ રે;
સદ્ગુણી આરાધક ભલા, સાધો તે નહિ અન્ય લાલ રે. ॥શ્રી॥૪॥

હું પામ્યો શુભ સાધના, ધરી ચિત્ત ઉમંગ લાલ રે;
શ્રી નેમિ પદ્મ કહે હવે, હોશે શિવવધૂ સંગ લાલ રે. ॥શ્રી॥૫॥

આચાર્યશ્રી વિજયપદ્મસૂરિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મોહ મહિમા

બીજાં બધાય કર્મો બળવાન બનીને ભલે આત્માને ઘેરી લે અને હેરાન કરવાને પ્રયાસ કરે; પણ જો મોહનીય કર્મ નિર્બળ થઇ ગયું હોય તો કોઇ પણ કર્મ આત્મિક ગુણોને નુકશાન પહોંચાડી શકતું નથી તેમજ આત્માને નિર્બળ પણ બનાવી શકતું નથી; કારણ કે બધાય કર્મોમાં ફક્ત મોહ જ આત્માને હેરાન કરવા તથા નિર્બળ બનાવવા સમર્થ છે.

અત્યારના જગત ઉપર દૃષ્ટિપાત કરવાથી સ્પષ્ટ સમજાય છે કે–બળવત્તર મોહે જગતના જીવમાત્રને અત્યંત નિર્બળ બનાવી દીધા છે. એટલે પોતાને સુખી માની મોજ-શોખમાં મસ્ત રહેનારાઓ તથા પોતાને દુઃખી માની આપત્તિ-વિપત્તિગ્રસ્ત સમજનારાઓ બંને પ્રકારના આત્માઓને મોહે સારી રીતે સપડાવ્યા છે અને સાચું સુખ-આનંદ-શાંતિ તથા જીવનનો માર્ગ ભૂલાવી દીધો છે. ત્યાગી હોય કે ભોગી હોય, બધાયને મોહે નિર્બળ બનાવીને પોતાના દાસ બનાવ્યા છે, અને પોતાની આજ્ઞા બધાયની પાસે પળાવી છે. મોહની ગુલામી ન સ્વીકારી હોય એવા તો લાખોમાં બે ચાર જ નીકળશે; પણ સર્વથા મોહનો તિરસ્કાર કરનાર તો ભાગ્યે જ હશે; કારણ કે દેહાધ્યાસ છૂટ્યા સિવાય મોહનો તિરસ્કાર થઇ શકતો નથી.

જગતનાં વાણી, વિચાર અને વર્તન મોહે એવા તો ઘડી નાંખ્યાં છે કે જેથી પોતે પોષાય પણ શોષાય નહીં. પુદ્ગલાનંદીપણામાં (જડાસક્તિમાં) જગતને મોહે એવું તો જકડી લીધું છે કે–જેમ નશો કરીને માણસ પોતાને ભૂલી જાય છે તેમ આત્માઓ પોતાને ભૂલી ગયા છે, એક ક્ષણ પણ જડ વગર જીવી શકતા નથી. મનને ગમે તેવાં પ્રશંસાના વચનો, મિષ્ટાન્ન અને અભક્ષ્ય ભોજનો, સિનેમા-નાટક આદિ દૃશ્યો, અત્તર-ફૂલેલ આદિ સુગંધી વસ્તુઓ, કોમળ સ્પર્શવાળી વસ્ત્ર આદિ વસ્તુઓ જીવને મનગમતી મળે તો આનંદ-સુખ અને અણગમતી મળે તો ઉદ્વેગ-દુઃખ, એ જ આત્માને પોતાનું ભૂલવાપણું અને જડાસક્તિ કહેવાય છે. અને તે સાચાં સુખ-શાંતિ-સંતોષ-આનંદ અને જીવનનો વિચાર સરખો યે કરવા દેતી નથી, તો પછી તેને જાણવાને કે મેળવવાને પ્રયાસ કરવાની તો વાત જ ક્યાંથી હોય ?

અત્યારનું કહેવાતું વિજ્ઞાન એટલે જડાસક્તિનું મધ્યાન્હ અને આત્મોન્નતિનું સંપૂર્ણ વિરોધી, જડાત્મક વસ્તુઓનો જેટલે અંશે વિકાસ તેટલે જ અંશે અથવા તો એથીયે વધારે આત્મિક વસ્તુઓનો વિનાશ જોવાય છે અને અનુભવાય છે. આત્મા નિર્ગુણી બન્યા સિવાય મોહકર્મ ફાવી શકતું નથી માટે જ આત્માના વિજ્ઞાનને મોહે અજ્ઞાનની વાટે વાળ્યું છે, જેથી જે વિજ્ઞાનદ્વારા પોતાનો વિકાસ કરવો જોઇયે તેના બદલે પોતાનો જ વિનાશક જડનો વિકાસ કરી રહ્યું છે, અને દરેક આત્માઓને પોતાના જીવનની સફળતા જણાવી રહ્યું છે કે જે મોહની કર્મને સંપૂર્ણપણે પોષવાવાળી છે.

વર્તમાન જગત મોહજન્ય અનેક પ્રકારની ઈચ્છાઓથી અત્યંત દુઃખી થઇને તે દુઃખને દૂર કરવા પોતાને પણ જેનું નામ સાંભળતાં ઉદ્વેગ થાય એવા પ્રકારના દુઃખોનો પ્રચાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી રહ્યું છે. અર્થાત્ પોતાનું દુઃખ દૂર કરવા અસહ્ય-પ્રાણાંત કષ્ટ બીજા જીવોને આપી રહ્યું છે. એ જ જડના વિકાસનું પરિણામ છે કે જેને મોહની શીખવણીથી અજ્ઞાન હોવા છતાં પણ મોહના દાસ વિજ્ઞાન તરીકે ઓળખાવી રહ્યા છે. વિજ્ઞાન તો તે જ કહી શકાય કે જે આત્મ-ગુણ વિકાસ કરવાના સાધનો મેળવી આપી આત્મવિકાસમાં મદદગાર થઈ પડે. બાકી તો આત્મિકગુણવિનાશક તથા જડનું વિકાસી હોઈને જડની પરાધીનતાની સાંકળમાં જકડનાર અજ્ઞાન જ કહી શકાય. વિજ્ઞાન અજ્ઞાન થાય છે અને અજ્ઞાન વિજ્ઞાન થાય છે. બંનેમાં ફરક માત્ર એટલો જ છે કે-વિજ્ઞાન આત્માનો ગુણ હોવાથી સ્વ-પરને જ્ઞાન-જીવન-સુખ-આનંદ આદિ જે આત્માના ખાસ ગુણો છે તેને સાચી રીતે જણાવી તેનો વિકાસ કરવામાં અનન્ય સહાયક થાય છે ત્યારે અજ્ઞાન આત્માની શક્તિ તથા ગુણોને દાબી દેવાના સાધનરૂપ જડના ગુણધર્મનો વિકાસ કરવામાં અદ્વિતીય કાર્ય કરે છે.

મોહાધીન આત્મા સાચું જાણી શકતો નથી માટે જ સાચું સુખ મેળવી શકતો નથી, અને અજ્ઞાનીઓની દૃષ્ટિમાં સુખી શ્રીમંત આદિ પ્રશંસાની ઇચ્છાથી દુઃખ ભોગવી રહ્યો છે. કંગાળ હો કે શ્રીમંત હો, રાજા હો કે ચક્રવર્તી હો, જીવનના છેડે બધાયની એક સરખી જ દશા છે. ત્યાં શ્રીમંતાઇ કે કંગાળીઅતમાં કાંઈપણ ભેદ હોતો નથી. જીવોમાં જે કાંઇ ભેદ પડે છે તે જીવનની શરૂઆતમાં જ પડે છે; માટે જે આત્માને જીવનની શરૂઆત ઊંચી કોટીની જોઈતી હોય તેણે તો અજ્ઞાની અને અજ્ઞાનનો સંસર્ગ છોડી દઈને જ્ઞાની અને વિજ્ઞાનના આશ્રિત બનવાની જરૂરત છે, જ્ઞાની પુરુષોના જીવન જીવતાં શીખવાની જરૂરત છે. બાહ્ય સંપત્તિથી ખરડાયલા અજ્ઞાનીઓના વાણી, વિચાર તથા વર્તનને અનુસરવા બાહ્ય સંપત્તિ તથા અજ્ઞાન મેળવવાને માટે ઉચ્ચ કોટીના જીવનની શરૂઆતના સાધનભૂત જીવનને કષાય-વિષયોમાં વેરી નાંખનાર સંપૂર્ણ પોતાની જાતનો શત્રુ જ કહી શકાય.

મોહના સખત દબાણુને લઇને જીવને જ્ઞાની પુરુષોનું જીવન તથા વર્તન ગમતું નથી તે જ પોતાની જ્ઞાન શક્તિ તથા ગુણોના નાશનું અને દુનિયામાં કહેવાતી અનેક પ્રકારની આપત્તિ વિપત્તિ-દુઃખ-શોક તથા જડની પરાધીનતાનું અદ્વિતીય કારણ છે. જો માનવી જ્ઞાનીઓની દૃષ્ટિને સન્મુખ રાખી વિચાર કરે તો આપત્તિ-વિપત્તિ-દુઃખ-શોક આદિ જડાત્મક વસ્તુઓ મેળવી તેને વાપરવાની બુદ્ધિથી થાય છે કે જેને અજ્ઞાન કહેવામાં આવે છે. જ્યાં સુધી જડ સ્વરૂપ દેહને પણ વાપરવાની તથા તેનાથી ન છૂટવાની ઇચ્છા રહ્યા કરે છે ત્યાં સુધી તે મોહના દાસપણાથી છૂટી શકતો નથી. અને પોતાની જ્ઞાનશક્તિ તથા જીવન અને સુખ આદિ ગુણોનો વિકાસ કરી શકતો નથી. અને નિરંતર શરીરોનો આશ્રિત બન્યો રહે છે. જો કે આત્માને દેહના આશ્રયમાં રહીને જ પોતાની શક્તિ તથા ગુણોનો વિકાસ કરવાનો છે, તો પણ દેહના વિકારોની અસર ન થવા દેવા પોતાના સ્વરૂપથી ન ખસે, અર્થાત્ પરસ્વરૂપમાં ન પરિણમે તો જ પોતાના ગુણોનો વિકાસ કરી શકે છે. તેના માટે સમ્યગ્ જ્ઞાનની અત્યંત આવશ્યકતા રહે છે. જેમ સોનાને શુદ્ધ બની પોતાના ગુણોનો વિકાસ કરવાને અગ્નિનો આશ્રય લેવો પડે છે, છતાં સોનું પોતાના સ્વરૂપથી ખસતું નથી એટલે અગ્નિના સ્વભાવથી થતા વિકારોની અસર ન થવાથી પોતાને વળગેલો વિજાતીય સ્વરૂપ મેલ બળી જાય છે ને પોતે શુદ્ધિ મેળવે છે. સંપૂર્ણ શુદ્ધ થયા પછી તેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ન્યાયરત્નાવલિ.

## (લૌકિક ન્યાયોનું રહસ્ય)

લેખક—મુનિરાજશ્રી ધુરંધરવિજયજી.

કેટલાએ શાસ્ત્રીય કે લૌકિક સાદા કે ગહન વિષયો–ન્યાયોથી–તેવા પ્રકારના નિયમ વચનોથી સચોટ સમજમાં આવી જાય છે; પરંતુ કેટલાએ ન્યાયો એવા ગહન હોય છે કે જો તે ન સમજાયા હોય તો ઊલટી ગુંચવણ ઊભી થાય છે, માટે તે તે ન્યાયનો આશય–રહસ્ય શું છે? તે જાણવું જોઇએ.

અમુક ન્યાયો કુદરતના સ્વભાવોમાંથી જન્મ્યા હોય છે, તો અમુક ન્યાયો વિદ્વાનોએ પોતાના બુદ્ધિબળે ઊભા કર્યાં હોય છે. અમુકની પાછળ સુન્દર કથાઓ જોડાયેલી હોય છે; તો અમુક સ્વાભાવિક રીતે જ સ્પષ્ટ હોય છે. તે ન્યાયોનું અહિં દિગ્દર્શન કરાવવામાં આવે છે.

(૧)

### चारिसञ्जीवनीचारन्यायः ॥ १ ॥

સંજીવની નામની એક દિવ્ય ઔષધિ થાય છે. તેનો ચાર એટલું ચરવું. સ્વતંત્રપણે–બીજી વનસ્પતિઓથી જુદી પાડીને સંજીવની ઔષધિ ન જાણી શકાય તો ચારિ–એટલે ચારામાં રહેલ તેનું ગ્રહણ કરવું એ આ ન્યાયનો અર્થ છે.

આ ન્યાય પ્રવર્તક છે. તેનો આશય એવો છે કે–કેટલાએક માણસોનો સ્વભાવ એવો છે કે સારું ને સુન્દર મળે તો જ તેમાં પ્રવૃત્તિ કરે. ન મળે ત્યાંસુધી કાંઇપણ ન કરે, એમ ને એમ જીવનનો ઘણો સમય વ્યર્થ ગુમાવે.

---

અગ્નિના આશ્રયની જરૂરત રહેતી નથી, અને માટીની કોટી છોડીને સુવર્ણની કોટીમાં ભળે છે અર્થાત્ જે પહેલાં માટી કહેવાતી તે ટળીને હવે સુવર્ણ કહેવાય છે. તેથી તે કિમતી ગણાય છે. તેવી જ રીતે દેહાશ્રિત આત્મા દેહસ્વરૂપ ઇંદ્રિયોના વિષયોની અસર ન થવા દઇને પોતાના સ્વરૂપમાં બન્યો રહે તો જડસ્વરૂપ કર્મ મેલ બળી જવાથી પોતાનો વિકાસ સાધી શુદ્ધ બની શકે છે, જડાત્મક બહિરાત્મ દશામાંથી મુક્ત થઇને પરમાત્મા દશા મેળવી શકે છે. તે સિવાય તો મોહના દાસત્વમાંથી મુક્ત થઇને પોતાની સંપત્તિ મેળવી શકતો નથી અને સ્વતંત્ર ન બનવાથી દુનિયામાં કહેવાતા જન્મ–જરા–મરણ આદિના દુઃખોથી પણ છૂટી શકતો નથી, માટે ટૂંકા જીવનમાં ભાવી જીવનની શરૂઆત ઉચ્ચ કોટીની બનાવી આત્મવિકાસદ્વારા સંપૂર્ણ સ્વતંત્રતા મેળવવા અને શાશ્વતું સુખ તથા જીવન પ્રાપ્ત કરી સુખ અને જીવનની દરિદ્રતા દૂર કરવા જ્ઞાની પુરુષોના જીવનનો અભ્યાસ કરીને તેમના જ માર્ગે ચાલવા પ્રયાસ કરવો તે જ શ્રેયસ્કર છે.

આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓને આ ન્યાય કહે છે કે કાંઇ ને કાંઇ કરો તેમાં સારું પણ થઇ જશે.

આ ન્યાયની ઉત્પત્તિની કથા આ પ્રમાણે છે.

સ્વસ્તિમતી નામે એક નગરી હતી. તેમાં અનેક વિપ્રો, વ્યાપારીઓ, શ્રીમન્ત-ધીમન્ત ને કળાવન્તો રહેતા હતા. મન્ત્ર-તન્ત્રના જાણકારો પણ ઘણા હતા.

ત્યાં એક બ્રાહ્મણ વસતો હતો. તેને સન્તાનમાં એક પુત્રી હતી. તે બ્રાહ્મણપુત્રીને પરમ પ્રીતિપાત્ર એક સહચરી હતી. અવિચલ સ્નેહથી જોડાયેલી બન્ને સખીઓનો રમત ગમતમાં-વાર્તાવિનોદમાં શૈશવસમય પસાર થયો, ને બન્ને યૌવનને આંગણે આવીને ઊભી. ઋણમુક્ત થવા તે બન્નેના પિતાઓએ તેમના વિવાહ કર્યા.

બન્ને સખીયોનો તો વિચાર હતો કે આજીવન આપણે એકત્ર રહેવું પણ માનવ ધારે કે વિચારે એ પ્રમાણે થોડું જ બને છે?

વિવાહ પછી તે બન્નેના વસવાટ જુદા જુદા થયાં. દિવસો ઉપર દિવસ અને વર્ષો ઉપર વર્ષો પસાર થવા લાગ્યાં.

એક સમય બ્રાહ્મણપુત્રીના અન્તઃકરણમાં બાલ્યાવસ્થાનાં સ્મરણો ઊભરાયાં. સખી યાદ આવી. તેને થયું કે મારી સહચરી અત્યારે શું કરતી હશે? તે કેવી સ્થિતિમાં હશે? ઘણા સમયથી સમાચાર નથી માટે એકાદ વખત તેને મળી આવું. એમ વિચારી તૈયારી કરી, સખી જ્યાં રહેતી હતી ત્યાં મળવા માટે ગઇ.

ચિરકાળે સખીને જોઇને હર્ષના અશ્રુ આવ્યા. ઉચિત કાર્યો કરીને બન્ને પોતાના સુખદુઃખના પ્રસંગોની આપલે કરવા બેઠાં.

ઘણા કાળે મળેલી પોતાની સખીના પ્રથમના આનન્દ, વિનોદ, ચપળતા, સ્ફુર્તિ-નૂર-તેજ કોઇએ લૂંટી લીધા હોય એમ બ્રાહ્મણપુત્રીને જણાયું. જેનું હંમેશા હસતું મુખ રહેતું ત્યાં પરાણે પણ હાસ્ય આવતું નથી. જે શોકના પ્રસંગોમાં પણ આનન્દિત રહેતી તે આનન્દના સમયે પણ મ્લાન અને વિષાદવાળી રહે છે. તે જોઇને બ્રાહ્મણપુત્રીએ પોતાની સખીને પૂછયું.

"બ્હેન! એવું શું કષ્ટ તને છે? કે તારા મુખ પર એકદમ શોક ને વિષાદ જ છવાયેલો હું જોઉં છું. મારાથી છુપાવવા જેવું ન હોય તો મને કહે, હું પણ કાંઇક મારાથી બનતું તે માટે કરીશ."

"મોટી બ્હેન! તમારાથી ખાનગી મારે શું હોય? મારા વિષાદનું કારણ મારું પાપ છે. પતિના અપ્રેમ સમાન સ્ત્રીને બીજું શું દુઃખ હોય? જ્યારથી હું પાપિણી અહિં આવી છું ત્યારથી આજસુધી કોઇપણ દિવસ તેમણે મને સ્નેહવચને બોલાવી નથી." એમ કહી તે રડી પડી.

બ્રાહ્મણપુત્રીએ કહ્યું, "સખી! ખેદ ન કર. વિષ ને વિષાદ-ખેદમાં કંઇપણ તફાવત નથી. તને તારા સ્વામીએ તિરસ્કારી છે તો તેની શિક્ષા હું કરતી જાઉં છું." એમ કહી તેણીએ એક પ્રભાવવાળી ઔષધિનું મૂળીયું સખીને આપ્યું ને કહ્યું કે "આ તેને ખવરાવજે એટલે તે બળદ બની જશે." પછીથી બીજી સુખદુઃખની વાતો કરી બ્રાહ્મણપુત્રી પોતાને આવાસે આવી.

ક્રોધ અને અપ્રેમથી કલુષિત બનેલી તેણીએ આવેશમાં ને આવેશમાં પોતાની સખીએ આપેલું મૂળીયું પોતાના પતિને ખવરાવ્યું. તેના પ્રભાવથી તે તરત જ ઊંચા સ્કન્ધવાળો વૃષભ બની ગયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બનતા તો બની ગયું પણ પછીથી તે સ્રીને પૂરો પસ્તાવો થવા લાગ્યો કે હવે શું? વગર વિચારે કરેલા કાર્યો નિશ્ચયે પાછળથી સન્તાપ કરે છે.

બળદમાંથી માણુસ બનાવવાનો ઉપાય તેને આવડતો ન હતો એટલે બળદ બનેલ સ્વામિની સેવામાં તે રહેવા લાગી. ગમે તેવા પતિને પત્ની હૃદયમાં તો પ્રભુ તરીકે માને છે. તેના અંગ પ્રત્યંગો સ્વચ્છ કરવા, તેને ચારો નીરવો, પાણી પીવરાવવું વગેરે તે કરવા લાગી. પશુઓના ટોળા સાથે જંગલમાં પણ ચરાવવા માટે લઈ જતી હતી.

એક સમય તે સ્રી બળદને ચરાવવા માટે વનમાં આવી છે ને થાક ખાવા એક સુન્દર વડની છાયામાં બેઠી છે. નજીકમાં તે વૃષભ ચરી રહ્યો છે તે સમયે એક ખેચરનું જોડલું પણ તે વડ પર વિશ્રાન્તિ માટે બિરાજયું હતું. આ વૃષભને જોઇને વિદ્યાધરે પોતાની પ્રિયાને કહ્યું કે "પ્રિયે! આ ચરે છે તે સ્વાભાવિક અર્થાત્ જાતિથી વૃષભ નથી, પણ કૃત્રિમ વિદ્યા અથવા ઔષધિ બળે બનાવેલ છે." સ્વામિના વચન સાંભળી વિદ્યાધરીએ પૂછયું કે "વલ્લભ! હવે ફરીથી એ પુરુષ કઈ રીતે બને?"

વિદ્યાધરે કહ્યું, "અમુક જાતિની વેલના મૂળ જો આને ખવરાવવામાં આવે તો ફરી હતો તેવો જ માણુસ બને."

"તે વેલ કયાં હશે?"

"આ વડની નીચે જ તેના મૂળ છે."

વડ નીચે બેઠેલી તે સ્રીએ આ સંવાદ સાંભળીને પોતાના સ્વામીને મૂળ સ્થિતિમાં લાવવા માટે તે વેલના મૂળ ખવરાવવા વિચાર કર્યો. પણ તે તેને ઓળખતી ન હતી. એટલે વડની આસપાસ જેટલા મૂળ હતા તે સર્વ કાઢીને પોતાના સ્વામીને ખવરાવ્યા. તેમાં તે પણ આવી ગયા. તેને પ્રભાવે તે બળદ મટી મૂળ સ્થિતિમાં આવી ગયો.

જે પ્રમાણે આ સ્રીએ સર્વ મૂળને ભેગા કરી ચરાવ્યા તેમાં સંજીવની પણ આવી ગઇ. તે જ પ્રમાણે અન્ય પ્રસંગોમાં પણ સમજવું.

* * *

ધર્મ નહિ પામેલા ભદ્રક આત્માઓને ધર્મમાં જોડવા માટે જ્ઞાનીગુરુઓ આ ન્યાયને ખાસ અનુસરે છે.

ધર્મના ઝગડાથી કંટાળેલ એક ગામના સરલ અને ભોળા લોકો લદન ધર્મથી વિમુખ હતાં. જે કોઇ ધર્મના ગુરુ ત્યાં આવતાં તેમની પાસે તેઓ જતા ત્યારે સર્વે પોતાનો પન્થ સત્ય ને સારો છે ને બીજાનો મિથ્યા એમ જ જણાવતા એટલે તેઓને ધર્મ પ્રત્યે અશ્રદ્ધા થઈ હતી.

એક સમયે સમયના જાણુ એક જ્ઞાની મહાપુરુષ ત્યાં પધાર્યા. તેઓએ આ આત્માઓના સ્વાભાવ જાણીને તેઓને અનુકૂળ ઉપદેશ આપ્યો. તેઓશ્રીએ કહ્યું કે—

'તમે તમારા ગામમાં એક ઠીક ગણાતો પુરુષ આવે તો તેનું બહુમાન કરો કે નહિ?"

"જરૂર કરીએ." લોકોએ કહ્યું.

"જો તમે એક સાધારણુ પુરુષનું પણ બહુમાન-ભક્તિ કરો છો તો દેવ-પ્રભુ-ઇશ્વર-પરમાત્મા તરીકે ગણાતા ભગવાનને તમે કેમ નમન નથી કરતાં?"

લોકોએ કહ્યું કે—

"કોઇ કહે છે આ સાચા ને આ ખોટા. અમારા ચિત્ત તેથી ડોળાઈ ગયા છે, માટે અમે કોઇને નમન કરતા નથી."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નય-પ્રમાણુ-સ્યાદ્વાદ વચ્ચેનો સંબંધ અને અંતર

( ૨ )

( ગતાંક પૃષ્ઠ ૧૩૫ થી શરૂ )

લેઃ—મુનિશ્રી **પુણ્યવિજયજી ( સંવિજ્ઞપાક્ષિક )**

**नयानामेकनिष्ठानां, प्रवृत्तेः श्रुतवर्त्मनि ।**
**सम्पूर्णार्थविनिश्चायि, स्याद्वादश्रुतमुच्यते ।३०।**

**( न्यायावतार )**

અર્થાત્—એક-નિષ્ઠ એક એક ધર્મને ગ્રહણ કરવામાં લીન એવા નયોની પ્રવૃત્તિ શ્રુતમાર્ગમાં હોવાથી સંપૂર્ણ વસ્તુને નિશ્ચિત કરનાર અર્થાત્ વસ્તુને સમગ્રપણે પ્રતિપાદન કરનાર તે સ્યાદ્વાદશ્રુત કહેવાય છે. ૩૦

આ નય અને સ્યાદ્વાદના સંબંધને સૂચવનારા પદ્યનું નીચે મુજબ સ્પષ્ટીકરણ આપવામાં આવ્યું છેઃ—

**પ્ર૦**—શ્રુત એટલે શું ?

ઉ૦—આગમજ્ઞાન તે શ્રુત.

**પ્ર૦**—શું બધું શ્રુત એક જ જાતનું છે કે તેમાં જાણવા જેવો ખાસ ભેદ છે ?

ઉ૦—ભેદ છે.

પ્ર૦—તે કયો ?

ઉ૦—શ્રુતના મુખ્ય બે ભાગ પાડી શકાય. એક તો અંશગ્રાહી-વસ્તુને એક અંશથી સ્પર્શ કરનાર; અને બીજો સમગ્રગ્રાહી—વસ્તુને સમગ્રપણે ગ્રહણ કરનાર. અંશગ્રાહી તે નયશ્રુત અને સમગ્રગ્રાહી તે સ્યાદ્વાદશ્રુત.

આ કથનને વધારે સ્પષ્ટ કરીએ. કોઇ એક તત્ત્વ પ્રતિપાદન કરનાર એક આખું શાસ્ત્ર, આખું પ્રકરણ કે આખો વિચાર તે તે તત્ત્વ પૂરતું સ્યાદ્વાદશ્રુત અને તેમાંના તે તત્ત્વને લગતા જુદા જુદા અંશો ઉપરના ખંડ વિચારો તે નયશ્રુત. આ વિચારો એક એક છૂટા છૂટા લઇએ ત્યારે નયશ્રુત અને બધાનું પ્રસ્તુત તત્ત્વ પરત્વે એકીકરણ તે તે સ્યાદ્વાદશ્રુત. કોઇ એક તત્ત્વ પરત્વે નય અને સ્યાદ્વાદશ્રુતનો જે આ ભેદ તે જ સંપૂર્ણ જગત્ પરત્વે ઘટાવી શકાય.

---

"સારું. પણ હવે તમારે તેમ ન કરવું. જ્યાં મન્દિર-દેવાલય આવે ત્યાં તમારે નમન કરવું. ભલે તેમાં ગમે તે દેવ હો !"

આચાર્ય મહારાજશ્રીના વચનને સ્વીકારી ગામના બધા લોકો સર્વ દેવને અનુસરતા થયા ને ધર્મને પ્રથમ પગથિયે ચડ્યા.

કાળાન્તરે તે આચાર્યશ્રીના શિષ્ય ત્યાં આવ્યા. ગામ લોકોએ તેમનું બહુમાન કર્યું. તેઓ સમયના જાણ ન હતા એટલે ગામ સર્વ ધર્મને અનુસરે છે તે ઉચિત નથી એમ વિચારી શુદ્ધ દેવગુરુધર્મનું સ્વરૂપ તેમના પાસે કહેવા લાગ્યા. અન્ય દેવોને નમન કરવાથી પાપ લાગે, મિથ્યાત્વ બંધાય વગેરે સમજાવવા લાગ્યા. લોકો તે સમજે તેવી ભૂમિકા ઉપર ન હતા. એટલે પાછા સર્વ છોડીને હતા એ સ્થિતિના થઇ ગયા.

શિષ્યના ઉપદેશથી ધર્મના પ્રથમ પગથિયેથી પણ નીચે ઉતરી ગયા.

અહિં આચાર્ય મહારાજશ્રીએ 'ચારિસંજીવનીચાર' ન્યાયનો ઉપયોગ કર્યો હતો.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્ર૦**–દાખલો આપી સમજાવો.

**ઉ૦**–સમગ્ર ચિકિત્સાશાસ્ત્ર એ આરોગ્ય-તત્ત્વનું સ્યાદ્વાદશ્રુત છે; પણ આરોગ્ય તત્ત્વને લગતાં આદાન, નિદાન, ચિકિત્સા આદિ જુદા જુદા અંશો ઉપર વિચાર કરનાર એ શાસ્ત્રના તે તે અંશો, એ ચિકિત્સાશાસ્ત્રરૂપ સ્યાદ્વાદશ્રુતના અંશો હોવાથી તે તત્ત્વ પરત્વે નયશ્રુત છે. આ રીતે નયશ્રુત તે અંશોનો સરવાળો છે.

**પ્ર૦**–નય અને સ્યાદ્વાદને જૈનશ્રુતમાં ઘટાવવા હોય તો કેવી રીતે ?

**ઉ૦**–જૈનશ્રુતમાંના કોઇ એકાદ શ્રુતને લ્યો કે જે એક જ અભિપ્રાયનું સૂચક હોય તે નયશ્રુત અને એવાં અનેક અભિપ્રાયોનાં સૂચક અનેક સૂત્રો ( પછી ભલે તે પરસ્પરવિરોધી ભાસતા હોય ) તે સ્યાદ્વાદશ્રુત. દાખલા તરીકે–'**पडुप्पन्ने नेरइए वियस्सइ**' એ સૂત્ર લ્યો. એનો અભિપ્રાય એ છે કે–નારકી જીવ ઉત્પન્ન થતાં વેંત જ નાશ પામે છે. આ અભિપ્રાય ક્ષણભંગસૂત્રક છે. એટલે નારકી જીવનો ઉત્પાદ અને વ્યય સૂચવે છે. તેવી જ રીતે નારકી જીવની સ્થિરતાનું વર્ણન કરનાર બીજા સૂત્રો લ્યો.

**પ્ર૦**–**णेरयाणं भंते ! केवइयं कालं ठिई पन्नता ?**

**ઉ૦**–**गोयमा ! जणण्णेणं दस वाससहस्साइं उक्कोसेणं तेत्तीस सागरोवमाइं ठिई पन्नत्ता** ( भगवती पृ० ५३, श. १, उ. १ )

એ બધા જ સૂત્રો જુદા જુદા નારકી પરત્વે નયવાક્ય છે અને એક સાથે મળે ત્યારે સ્યાદ્વાદશ્રુત બને છે.

**પ્ર૦**–ત્યારે એમ થયું કે વાક્ય એ નય અને વાક્યસમૂહ તે સ્યાદ્વાદ અને જો એમ હોય તો પ્રશ્ન થાય છે કે એ એક જ વાક્ય સ્યાદ્વાદાત્મક-અનેકાન્તદ્યોતક હોઇ શકે ?

**ઉ૦**–હોઈ શકે.

**પ્ર૦**–કેવી રીતે ? કારણ કે એક વાક્ય એ કોઈ એક વસ્તુ પરત્વે એક અભિપ્રાયનું સૂચક હોવાથી તેના કોઈ એક અંશને સ્પર્શ કરી શકે; બીજા અંશોને સ્પર્શ ન કરી શકે તો પછી તે એક વાક્ય સમગ્રગ્રાહી ન થઇ શકવાથી સ્યાદ્વાદશ્રુત કેવી રીતે કહી શકાય ?

**ઉ૦**–અલબત દેખીતી રીતે એક વાક્ય વસ્તુના અમુક એક અંશનું પ્રતિપાદન કરે છે પણ જ્યારે વક્તા તે વાક્યવડે એક અંશનું પ્રતિપાદન કરવા છતાં પ્રતિપાદન કરાતાં તે અંશ સિવાયના બીજા અંશોને પણ એક જ સાથે પ્રતિપાદન કરવા ઇચ્છે ત્યારે તે ઇતર અંશોને પ્રતિપાદનના સૂચક **સ્યાત્** શબ્દનો વાક્યમાં પ્રયોગ કરે છે અથવા તો **સ્યાત્** શબ્દનો ઉચ્ચાર કર્યા સિવાય પણ વક્તા તે શબ્દના ભાવને મનમાં રાખી વાક્યને ઉચ્ચારે છે ત્યારે તે વાક્ય સાક્ષાત્ અંશ માત્રગ્રાહી દેખાવા છતાં પણ સ્યાત શબ્દ સાથે અથવા સ્યાત્ શબ્દ સિવાય જ ઇતર સમગ્ર અંશોના પ્રતિપાદનના ભાવથી ઉચ્ચારાયેલું હોવાને લીધે સ્યાદ્વાદશ્રુત કહેવાય છે.

**પ્ર૦**–વક્તા સ્યાત્ શબ્દનો પ્રયોગ ન કરે તેમજ તેનો ભાવ પણ મનમાં ન રાખે તો તે જ વાક્ય કઇ કોટિમાં આવે ?

**ઉ૦**–નયશ્રુતની કોટિમાં આવે.

**પ્ર૦**–જ્યારે વક્તા પોતાને ઇષ્ટ એવા એક અંશનું નિરાકરણ જ કરતો હોય ત્યારે તે વાક્ય કયા શ્રુતની કોટિમાં આવે ?

**ઉ૦**–દુર્નય અથવા મિથ્યાશ્રુતની કોટિમાં.

**પ્ર૦**–કારણ શું ?

**ઉ૦**–વસ્તુના પ્રમાણસિદ્ધ અનેક અંશોમાંથી એક જ અંશને સાચો ઠરાવવા તે વક્તા આવેશમાં આવી જઇ બીજા સાચા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંશોનો અપલાપ કરે છે તેથી તે વાકય એક અંશ પૂરતું સાચું હોવા છતાં ઈતર અંશોના સંબંધમાં વિચ્છેદ પૂરતું ખોટું હોવાથી દુર્નયશ્રુત કહેવાય છે.

**પ્ર૦**–આવાં અનેક દુર્નય વાકયો મળે તો સ્યાદ્વાદશ્રુત બને ખરૂં ?

**ઉ૦**–ના, કારણ કે આવા વાકયો પરસ્પર એક બીજાનો વિરોધ કરતાં હોવાથી વ્યાઘાત-અથડામણી પામે છે. તે પોતપોતાની કક્ષામાં રહે. વસ્તુના અંશ માત્રનું પ્રતિપાદન કરવાને બદલે બીજાની કક્ષામાં દાખલ થઈ તેનું મિથ્યાપણું બતાવવાની મોઘ ક્રિયા કરે છે; તેથી તે મિથ્યાશ્રુત છે અને તેથી જેમ પરસ્પર અથડાતા વિરોધી અનેક માણસો એક સમૂહબદ્ધ થઇ કોઇ એક કાર્ય સાધી નથી શકતા; ઉલટું તે એક બીજાના કાર્યના બાધક બને છે, તેમ અનેક દુર્નય વાકયો એક સાથે મળી કોઇ એક વસ્તુને સંપૂર્ણ જણાવવાની વાત તો બાજુએ રહી તે એક બીજાના આંશિક અર્થના સત્ય પ્રતિપાદનને પણ સત્યપણે પ્રગટ થતાં અટકાવે છે.

**પ્ર૦**–કોઇ એક જ વસ્તુનું વર્ણન કરવાને પ્રસંગે દુર્નય, નય અને સ્યાદ્વાદ એ ત્રણે શ્રુત ઘટાવવાં હોય તે ઘટી શકે ખરાં ? અને ઘટી શકે તો શી રીતે ?

**ઉ૦**–કોઇએ જગતના નિત્યપણા કે અનિત્યપણા વિષે પ્રશ્ન કર્યો કે–જગત્ નિત્ય છે, અનિત્ય છે, ઉભયરૂપ છે કે એથી વિલક્ષણ એટલે અનુભયરૂપ છે ? આનો ઉત્તર આપનાર વક્તાને જો પ્રમાણથી એવો નિશ્ચય થયો હોય કે જગત્ નિત્ય–અનિત્ય–ઉભયરૂપ છે; અને તે પછી તે ઉત્તરમાં જણાવે કે જગત્ નિત્યરૂપે ય છે અને અનિત્યરૂપે ય છે, તો એ ઉત્તરમાં એક જ વસ્તુ પરત્વે પરસ્પર વિરોધી એવા બે અંશોના પ્રતિપાદન બે વાકયો હોવા છતાં તે બંને મળી સ્યાદ્વાદશ્રુત છે; કારણ કે એ પ્રત્યેક વાકય એક જ વસ્તુના વાસ્તવિક અંશને પોતપોતાની દૃષ્ટિએ પ્રતિપાદન કરે છે. અર્થાત્ પોતાની મર્યાદામાં રહી મર્યાદિત સત્ય પ્રગટ કરે છે, છતાં પ્રતિપક્ષીની મર્યાદાનો તિરસ્કાર કે સ્વીકાર કરતાં નથી. ઉક્ત બંને વાકયોમાંથી કોઇ એકાદ જ વાકય લઇએ તો તે નયશ્રુત હોઇ શકે; પણ એ ત્યારે જ કે જો વક્તાએ એ વાકયને પ્રસ્તુત વસ્તુના ઇષ્ટ અંશનું પ્રતિપાદન કરવા માટે યોજેલું હોવા છતાં વિરોધી બીજા અંશ પરત્વે તે માત્ર તટસ્થ કે ઉદાસીન હોય. આથી ઊલટું એ બે વાકયોમાંથી કોઇ એક વાકય દુર્નયશ્રુત હોઇ શકે પણ તે ત્યારે કે જો વક્તા એ વાકયવડે ઇષ્ટ અંશનું પ્રતિપાદન કરવા સાથે જ બીજા પ્રમાણિક અંશનો નિષેધ કરે. જેમકે જગત્ નિત્ય જ છે અર્થાત્ અનિત્ય નથી.

**પ્ર૦**–વિચારો અનંત હોવાથી વિચારાત્મક નયો પણ અનંત હોય તો એને સમજવા એ કઠણ નથી શું ?

**ઉ૦**–છે જ છતાં સમજી શકાય.

**પ્ર૦**–કેવી રીતે ?

**ઉ૦**–ટૂંકમાં સમજાવવા એ બધા વિચારોને બે ભાગમાં વહેંચી શકાય. કેટલાક વસ્તુના સામાન્ય અંશને સ્પર્શ કરનારા હોય છે; કારણ કે વસ્તુનું વિચારમાં આવતું કોઈ પણ સ્વરૂપ લઇએ તો કયાં તો તે સામાન્ય હશે અને કયાં તો તે વિશેષ હશે. આ કારણથી ગમે તેટલા વિચારોના ટૂંકમાં સામાન્યગ્રાહી અને વિશેષગ્રાહી એ બે ભાગ પડી શકે. એને શાસ્ત્રમાં અનુક્રમે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એવાં નામ આપવામાં આવ્યા છે.

**પ્ર૦**–આ સિવાય બીજું પણ ટૂંકું વર્ગીકરણ થઇ શકે ?

**ઉ૦**–હા, જેમકે **અર્થનય** અને **શબ્દનય.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મરણ ભય શામાટે ?

( ૨ )

લેખક—વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ. બી. એ. એલ. એલ. બી. ભાવનગર

( ગતાંક પૃષ્ઠ ૧૩૭ થી શરૂ )

શાસ્ત્રકારો જ્ઞાનબળથી જન્મ અને મરણ પ્રસંગોએ પ્રાણીને ભોગવવા પડતા દુઃખો અને કષ્ટમય વેદનાઓનું જે હૃદય-દ્રાવક ચિત્ર રજૂ કરે છે તેની યથાર્થતા કંઇક અંશે સામાન્ય અનુભવથી પણ આપણને બુદ્ધિગમ્ય થાય છે અને તેથી કમકમાટી થઇ આવે છે છતાં પણ જ્ઞાનદૃષ્ટિથી ઉપર જણાવી ગયા મુજબની જન્મ-મરણની કલ્પનાના વિચાર પૂરતું બળ મળતાં દૃઢીભૂત થતો જશે તેમ મરણ ભય ક્રમે ક્રમે ઓછો થતો જશે. જન્મ પ્રસંગનું દુઃખ બાળક દશામાં ભોગવવાનું હોવાથી તે તે માટે નીરુપાયતા પરંતુ મરણ પ્રસંગ બાળક દશા વીતી ગયા પછી ઉપસ્થિત થાય તો તે વખતના દુઃખને યોગ્ય વિચારધારાથી તેમજ સહનશક્તિ કેળવીને ઓછું કરી શકાય.

બાળક જન્મતી વખતે રડે છે ત્યારે તેના કુટુંબીજનો તેના જન્મ પ્રસંગથી આનંદિત થઇ હસે છે અને આલ્હાદ પામે છે તે જ બાળક ઉમર લાયક થતાં મૃત્યુને ભેટવાનો પ્રસંગ ઉપસ્થિત થતાં પોતાના જીવન દરમીયાન સુકૃતની કમાણી કરી શકયો હોય છે તો તેને પોતાને માટે હસવાનું કારણ મળી રહે છે જ્યારે તેના કુટુંબીજનોને તેના વિરહથી રોવાનું રહે છે.

“નીરખે છે નેણુ ભરી આત્માની જ્યોતને,
એવા મરજીવા તે સાચા મર્યા—
શૂર સાચના સીપાઇઓ આનંદના ભર્યા,
ધારી જે ટેક નેક મરતા ચૂકે નહિ,
મુક્તિને દ્વાર એ તો જઇને ઠર્યા.”

( શૂર-સાચના સિપાઇઓ આનંદભર્યા દિવ્ય ચક્ષુ આવા શૂરવીર સત્યાગ્રહી સજ્જનો ઘણી સહેલાઇથી મરણ ભયનો સામનો કરી શકે છે અને વિચારબળની સ્ફુરણાથી હૃદયબળને વધારી શકે છે. )

---

વિચારો ગમે તે અને ગમે તેટલા હોય પણ કાં તો તે મુખ્યપણે અર્થને સ્પર્શી ચાલતા હશે, અને કાં તો તે મુખ્યપણે શબ્દને સ્પર્શી પ્રવૃત્ત થતાં હશે. અર્થસ્પર્શી તે બધા **અર્થનય** અને શબ્દસ્પર્શી તે બધા **શબ્દનય.** આ સિવાય ક્રિયાનય, જ્ઞાનનય, વ્યવહારનય, પરમાર્થનય એવાં અનેક યોગ્ય વર્ગીકરણ થઇ શકે.

**પ્ર૦**-આનો જરા વિસ્તાર કરવો હોય તો શકય છે ?

ઉ૦-હા, મધ્યમ પદ્ધતિએ સાત વિભાગ કરવામાં આવે છે, જેમાં પ્રથમના ત્રણ દ્રવ્યાર્થિક અને પાછળના ચાર પર્યાયાર્થિક છે. પ્રથમના ચાર અર્થનય અને પાછળના ત્રણ શબ્દનય છે. માત્ર અહિં એ સાત નામ આપીશું. વિગતમાં નહિ ઉતરીએ. વધારે વિગત અન્યત્ર ચર્ચીશું. ( ૧ ) નૈગમ, ( ૨ ) સંગ્રહ, ( ૩ ) વ્યવહાર, ( ૪ ) ઋજુસૂત્ર, ( ૫ ) શબ્દ, ( ૬ ) સમભિરૂઢ અને ( ૭ ) એવંભૂત.

આ રીતે બન્ને નયોનું સ્પષ્ટીકરણ અત્ર પૂરું થાય છે. જિજ્ઞાસાવૃત્તિ છતાં આ વિષયનો તદ્દન અનભિજ્ઞ છું, તો ભૂલચૂક માટે વિદ્વાનો ક્ષન્તવ્ય લેખી સુધારી વાંચશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી આ પ્રકારના સામાન્ય વિચારબળને જ્યારે પુષ્ટિ મળતાં સ્હેજે એવા અનુમાન ઉપર આવી શકાય કે મનુષ્ય સદ્વર્તન અને ગુણ-ગ્રાહકતામાં જેમ જેમ આગળ વધતો જાય અને પોતાનું જીવન ઉન્નત બનાવતો જાય તેમ તેમ તેને મૃત્યુનો ભય સ્વાભાવિક રીતે જ ઓછો થવો જોઇએ. જીવનભર જેને કાળા-ધોળા કરી પોતાનું શાસન નભાવી રાખ્યું હોય, વિશ્વાસઘાત, છેતરપીંડી કે અન્ય કુકૃત્યોથી જેણે ગરીબ-વિશ્વાસુ નિર્દોષ મનુષ્યોના ગળા કરવામાં કોઇ પણ પ્રકારની મણા કે કચાશ રાખી ન હોય, પોતાના જ હાથે જમાવેલ સંહાર લીલા પ્રસંગે તેઓ તાંડવ નૃત્ય કરી મોજ માણતા હોય-પતિત દશા ભોગવતા મનુષ્યોનું લોહી ચુસવામાં તેઓ પાવરધા ગણાતા હોય, પીડિત દુઃખી જનો તરફ હમદર્દી કે સહાનુભૂતિની લાગણીથી તદ્દન વંચિત હોય તેવા મનુષ્યોને પોતાના કુકૃત્યોનો બદલો અવશ્ય મળશે જ એવા ખ્યાલથી આમાંથી દુઃખ અને કષ્ટની પરંપરાની કંઇક ઝાંખી થતાં અનેક પ્રકારના ભય અને ગભરાટની આશંકાને લઇ મૃત્યુ પ્રસંગ નજીક આવતાં થરથરાટી અને ફફડાટી વછૂટે છે. મોજ-શોખ અને ભોગ-વિલાસમાં જ આખું જીવન વ્યતીત કરનાર પુદ્‌ગલાનંદી-વિષયાભિલાષી પ્રાણીને યમના દૂતોની ઝાંખી થતાં દુઃખ ભરપૂર આમાંથી જીવની ચેતવણી પાકી વૃદ્ધાવસ્થામાં જ મળી જાય અને જેથી નજીકના ભાવીમાં જ થનાર મૃત્યુના ખ્યાલ માત્રથી ગભરામણ વછૂટે છે અને જીવન-ના આખરી વખતમાં તદ્દન બાવરો બની જાય છે.

ઉપર મુજબના ત્રાસજનક કસોટીના પ્રસં-ગોમાંથી એક સાચા સજ્જન તરીકેનું જ જીવન જીવી જાણનાર મનુષ્ય બચી જાય છે. અન્ય બંધુઓને અનેક રીતે ઉપયોગી થઇ પડવામાં બનતી મદદ કરવામાં હમેશાં તત્પરતા બતાવનાર પરમાર્થપરાયણ વૃત્તિથી પરોપકાર કરવામાં દાન, પુણ્યના કાર્યોમાં પોતાની સંપત્તિનો વિવેકપૂર્વક વ્યય કરનાર, શુદ્ધ દિલથી પ્રમાણિકપણે જીવન ગુજારનાર, સદ્વર્તનશાલી સજ્જન જીવનનો અંતભાગ પણ આનંદ અને ઉલ્લાસમાં જ વ્યતીત કરતો જણાય છે, કંઇ દુઃખકારક વ્યાધિ કે આફત આવી પડતાં તે ગભરાઇ જતો નથી. તે પોતાના ઉજ્જવલ આગામી ભવની આગાહી કરતો હોય છે એટલે તેને મરણના ભયથી ડરપોક બની જવાનું કંઇ કારણ નથી.

સંહારક યુદ્ધનો પ્રસંગ ઉપસ્થિત થતાં બહાદુર સૈનિકો, શૂરવીર ક્ષત્રિયો પોતાની પવિત્ર ફરજને જ આગળ કરી મોતના ભયથી લેશમાત્ર ડરી ન જતાં પુર જોસથી લડાઈમાં ઝંપલાવે છે તેવી જ રીતે અન્ય સાહસિક પુરુષો પણ પોતે હાથ ધરેલ જોખમકારક સાહસના કાર્યોમાં ઝુકાવતાં સર્વ પ્રકારના ભયને બાજુ ઉપર મૂકે છે તો જ તેમના કાર્યમાં તેઓ ધારી ફતેહ મેળવી શકે છે. સાહસિક કાર્યનો આરંભ કરતાં પહેલાં સંપૂર્ણ સાવચેતી અને સાવધાનીપૂર્વક કામ લેવાના નિશ્ચય ઉપરાંત તેમને કેવા કેવા પ્રકારના ભયનો સામનો કરવો પડશે તેની ગણતરી કરવા બેસે, તે માટે આંક મૂકવા માંડે તો તેનું કાર્ય કદી પાર પડે જ નહિ. તે જ ધોરણે જીવનક્રમમાં આગળ વધ્યે જતાં સજ્જને જીવનવિકાસના સાધકે પોતાના સદ્વર્તન અને વિશુદ્ધ જીવન વ્યવહાર ઉપર મુસ્તાક રહી મરણના ભયને હીમતપૂર્વક ખંખેરી નાંખવો જોઇએ. મરણ કોઇ રીતે કોઈનાથી પણ ટાળી શકાય તેમ તો છે જ નહી તો પછી અનેક પ્રકારની કલ્પનાજાળ રચી આવા ભયમાં ભયભીત વિચારોથી વૃદ્ધિ કર્યે જવાથી શું લાભ ? તેનો હીમતપૂર્વક સામનો કરવાથી ચાલુ જીવનનો અંત ભાગ સુધારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીમાન યશોવિજયજી

(૨)

લે.–ડૉ. ભગવાનદાસ મન:સુખભાઈ મહેતા M. B. B. S.

( ગતાંક પૃષ્ઠ ૧૪૩ થી શરૂ )

## સાચા ભાવશ્રમણ યશોવિજયજી.

આપણા આ ચરિત્રનાયક પણ આવા એક આદર્શ **આત્મવીર-ધર્મવીર** પુરુષ હતા, **ભાવ ઉપાધ્યાય**પદને અલંકૃત કરનારા સાચા આત્મસાધક સાધુ હતા, શુદ્ધ મોક્ષમાર્ગે ગમન કરનારા સાચા આત્માર્થી મુમુક્ષુ મહામુનિ હતા, શુદ્ધ આત્મજ્ઞાનને પામેલા સાચા ભાવયોગી શ્રમણ હતા. આ આપણને તેમના અધ્યાત્મરસપરિણતિમય આત્માનુભવી વચનામૃત પરથી ને તેમના પવિત્ર જીવનચરિત્ર પરથી સહેજે સુપ્રતીત થાય છે. આવા સાચા ભાવસાધુની જોડી વર્તમાનમાં તો શું, ભૂતકાળમાં પણ જડવી દુર્લભ છે. જો કે દ્રવ્યલિંગીઓની તો સર્વત્ર વિપુલતા જ છે, પણ આવા સાચા ભાવશ્રમણ જગત્‌માં વિરલ છે.

" આતમજ્ઞાની શ્રમણ કહાવે,  
બીજા તો દ્રવ્યલિંગી રે;  
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે,  
આનંદઘન મતસંગી રે. "

**શ્રી આનંદઘનજી.**

" सुविदिदपदत्थसुत्तो,  
संजमतवसंजुदो विगदरागो।  
समणो समसुहदुक्खो,  
भणिओ सुद्धोवओगोत्ति ॥ "

**શ્રી કુંદકુંદાચાર્યજીકૃત પ્રવચનસાર.**

આવા સાચા શ્રમણને તેમના પોતાના શબ્દોમાં જ અંજલિ આપીએ તો—

" ધન્ય તે મુનિવરા રે,  
જે ચાલે સમભાવે;  
ભવસાયર લીલાએ ઉતરે,  
સંયમ કિરિયા નાવે...ધન્ય તે મુનિવરા રે.  
મોહપંક તજી ઉપર બેઠા,  
પંકજ પરે જે ન્યારા;  
સિંહ પરે નિજ વિક્રમશૂરા;  
ત્રિભુવન જન આધારા–ધન્ય તે મુનિવરા રે."

## ખરેખરા ' યશોવિજય '

આવા આ મહા સંતપુરુષના આપણે ગુણગાન ગાઈએ કે ન ગાઈએ, ચરિત્રસંકીર્ત્તન કરીએ કે ન કરીએ, જયંતિઓ ઉજ-

---

શકાય છે અને આગામી જીવનનું કંઇક આદર્શરૂપ ઘડતર થઇ શકે છે તેમ જ જીવનની પ્રવૃત્તિ પ્રગતિશીલ બનતી રહે છે. આ પ્રસંગે કોઇક કવિના શબ્દો " મરવા બનો રે મસ્તાન " તેમ જ મહાત્માજીના છેલ્લા ૨૧ ઉપવાસ પ્રસંગે કોઇ કવિએ રચેલ " મૃત્યુ પ્રહરી બન્યું "નું ભજન યાદ આવે છે. ભયભીત દશા મજબૂત સબળ મનને પણ કંગાળ બનાવી મૂકે છે અને અનેક પ્રકારના કલ્પિત ભયના જાળા પોતાની ચારે બાજુ ખડા કરી દે છે તેમ જ દીનદશામાં વધારો કરે છે.

આગળ જણાવી ગયા મુજબ પરમ વિવેકબુદ્ધિથી આત્મ દ્રવ્ય અને પુદ્‌ગલ દ્રવ્યની ભિન્નતા બરાબર સમજી જનારે, આત્મ તત્ત્વની મૂળભૂત અનંત શક્તિઓ છતાં તે કર્મમળથી અવરાઈ ગયેલ છે તે કર્મમળને દૂર કરી સકળ કર્મનો ક્ષય કરવાના અંતીમ સાધ્ય તરફ મક્કમતાથી આગળ વધનારે મરણ ભયને પોતાના હૃદયમાં લેશમાત્ર સ્થાન આપવું જોઇએ નહિ એ જ અભ્યર્થના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીએ કે ન ઉજવીએ, પણ તે તો પોતાની અમર સુકૃતિઓથી સદા જયવંત ને જીવંત જ છે. શ્રી **ભર્તૃહરિએ** સાચું જ કહ્યું છે કે—"સુકૃતી* એવા તે રસસિદ્ધ કવીશ્વરો જયવંત છે, કે જેમની યશઃકાયમાં જરા–મરણ–જન્ય ભય નથી." આ ઉક્તિ શ્રી **યશોવિજયજી**ના સંબંધમાં અક્ષરશઃ ચરિતાર્થ થતી દેખાય છે, કારણ કે પોતાની એક એકથી સરસ ઉત્તમ કાવ્યમય સુકૃતિથી જયવંત એવા આ કવીશ્વર પોતાની યશઃકાયથી સદા જીવંત છે; યશઃશ્રીના વિજયી થઇ ખરેખરા '**યશોવિજય**' થયા છે; શબ્દનયે યથાર્થ એવા આ 'યશોવિજય' એવંભૂત નયે 'યશોવિજય' બન્યા છે!

આવો મહાપ્રતિભાસંપન્ન સંસ્કારસ્વામી સેંકડો વર્ષોમાં કોઇ વિરલો જ પાકે છે; કારણ કે અસાધારણ–અતિશયવંત શક્તિવાળા મહાપુરુષોની જનની તો કોઇક જ હોય છે. શ્રી **ભક્તામર** સ્તોત્રમાં કહ્યું છે તેમ 'સેંકડો સ્ત્રીઓ સેંકડો પુત્રોને જન્મ આપે છે પણ તારી ઉપમાને યોગ્ય એવા પુત્રને અન્ય જનનીએ જણ્યો નથી. તારલા તો બધીય દિશાઓ ધારણ કરે છે, પણ મહાતેજસ્વી સૂર્યને જન્મ આપનારી તો એક પૂર્વદિશા જ છે.

"स्त्रीणां शतानि शतशो जनयंति पुत्रान्,
नान्या सुतं त्वदुपमं जननी प्रसूता।
सर्वा दिशो दधति भानि सहस्ररश्मिं,
प्राच्येव दिग्जनयति स्फुरदंशुजालम्॥"

**વિરલ જ્યોતિર્ધર.**

અને શ્રી **યશોવિજયજી** પણ આવા તેજસ્વી સૂર્યસમા છે. જે વિરલ વિભૂતિરૂપ મહાજ્યોતિર્ધરો જિનશાસન ગગનાંગણમાં ચમકી ગયા છે, તેમાં શ્રી **યશોવિજયજી**નું સ્થાન સદાને માટે અમર રહેશે. કલિકાલસર્વજ્ઞ શ્રી **હેમચંદ્રાચાર્યજી** પછી અત્યારસુધીમાં શ્રી **આનંદઘનજી** અને **શ્રીમદ્ રાજચંદ્રજી**ના અપવાદ સિવાય તેવી પ્રખર શ્રુતશક્તિવાળો બીજો તત્ત્વજ્ઞાની મહાત્મા થયો હોય એવું જણાતું નથી. એમની પ્રતિભા કેટલી અસાધારણ હતી અને એમની બુદ્ધિમત્તા કેવી કુશાગ્ર હતી, એ તો એમની સૂક્ષ્મ વિવેકમય તીક્ષ્ણ પર્યાલોચના પરથી સ્વયં જણાઇ આવે છે, અને આપણને તાર્કિકશિરોમણિ કવિકુલગુરુ **સિદ્ધસેનદિવાકરસૂરિ**નું સ્મરણ કરાવે છે. એમની દૃષ્ટિવિશાલતા ને હૃદયની સરલતા કેટલી બધી અદ્ભુત હતી, અને સર્વદર્શન પ્રત્યેની એમની નિરાગ્રહી માધ્યસ્થ્યવૃત્તિ કેવી અપૂર્વ હતી, તે તો એમની સર્વદર્શનોની તલસ્પર્શી નિષ્પક્ષપાત મીમાંસા પરથી પ્રતીત થાય છે, અને આપણને ષડ્દર્શનવેત્તા મહર્ષિ **હરિભદ્રસૂરિ**ની યાદી તાજી કરે છે. વાઙ્મયના સમસ્ત ક્ષેત્રને વ્યાપ્ત કરતું એમનું મૌલિક સાહિત્ય સર્જન કેટલું બધું વિશાળ છે અને કેવી ઉત્તમ પંક્તિનું છે, તે તો એમના ચલણી સીક્કા જેવા ટંકોત્કીર્ણ પ્રમાણભૂત વચનામૃત પરથી સહેજે ભાસ્યમાન થાય છે, અને આપણને કલિકાલસર્વજ્ઞ શ્રી **હેમચંદ્રાચાર્યજી**નું પ્રત્યક્ષ દર્શન કરાવે છે. અધ્યાત્મયોગ વિષયનો એમનો અભ્યાસ કેટલો બધો ઊંડો છે, અને આત્મજ્ઞાન–ધ્યાન પ્રત્યેની એમની અભિરુચિ કેવી અદ્ભુત છે, તે તો એમના અધ્યાત્મ યોગ વિષયક ગ્રંથરત્નો પરથી સ્વયં સિદ્ધ થાય છે, અને આપણને યોગિરાજ **આનંદઘનજી**નું ને પરમ તત્ત્વદૃષ્ટા **શ્રીમદ્ રાજચંદ્રજી**નું સ્મરણ કરાવે છે. આમ આ મહાત્મા પ્રતિભામાં જાણે **સિદ્ધસેનદિવાકર**ના પુનરવ-

*"जयन्ति ते सुकृतिनो रससिद्धाः कवीश्वराः।
नास्ति येषां यशःकाये जरामरणजं भयं॥"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાર હોયની ! દાર્શનિક અભ્યાસમાં જાણે **લઘુ હરિભદ્ર** હોયની ! શ્રુતજ્ઞાનમાં જાણે બીજા **હેમાચાર્ય** હોયની ! અધ્યાત્મવિદ્યામાં જાણે **આનંદઘનજી** અનુગામી અને **શ્રીમદ્ રાજચંદ્રજીના** પુરોગામી હોયની !–એમ આપણને સહેજે પ્રતિભાસે છે.

**'કૂર્ચાલી શારદ'**

આ પોતાના મૂછાળા અવતારને –'**કૂર્ચાલી શારદને**' દેખી સરસ્વતીને લજ્જાના માર્યા સંતાઇ જવું પડયું ! આ સાચે સાચા વ્યાખ્યાનવાચસ્પતિ (જગદ્ગુરુ) વાચકવરની વાચા સાંભળી વાચાલવાચસ્પતિ (ત્રિદશગુરુ) અવાચક થઈ ગયો ! વાઙ્મય રંગભૂમિમાં કવિતા સુંદરીને યથેચ્છ નચાવનારા આ સત્કવિની યશસ્કીર્ત્તિથી પ્રતિપક્ષીઓના મસ્તક ધોળા ને મુખ કાળા થયા ! જ્ઞાનીઓના હૃદયાકાશમાં વહતી અધ્યાત્મ જ્ઞાનગંગાને આ ભગીરથે અવનીને પાવન કરવા પૃથ્વી પર અવતારતાં પ્રાણીઓનો વિભાવરૂપ પાપમલ કયાંય ધોવાઇ ગયો !

આમાં લેશ માત્ર પણ અતિશયોક્તિ નથી. હા, ન્યૂનોક્તિનો સંભવ છે ખરો ! એમના સમકાલીન શ્રી **કાંતિવિજય** મુનિએ **સુજસવેલી**માં એમને ભવ્ય ભાવાંજલિ અર્પી છે કે–

" **કૂર્ચાલી શારદા તણોજી,**
**બિરુદ ધરે સુવિદિત;**
**બાલપણે અલવે જિણેજી,**
**લીધો ત્રિદશગુરુ જીત.** "

" **લઘુ બાંધવો હરિભદ્રનો રે,**
**કલિયુગમાં એ થયો બીજો રે;**
**છતા યથારથ ગુણ સુણી,**
**કાંવયણ બુધ કો મત ખીજો રે.**
**સંવેગી સિરસેહરો,**
**ગુરુ જ્ઞાનરયણનો દરિયો રે;**
**કુમત–તિમિર ઉચ્છેદવા,**
**એ તો બાલારુણ દિનકરિયો રે.** "

## સીધા સાદા 'ઉપાધ્યાયજી'

અર્વાચીનોની જેમ તેમના નામ પાછળ ઉપાધિઓની લાંબી લંગાર નહિ લાગેલી છતાં, આ સીધા સાદા '**ઉપાધ્યાયજી**' પણ આચાર્યોના આચાર્ય ને ગુરુઓના ગુરુ થવાને પરમ યોગ્ય છે. યશઃશ્રીના પડછાયા પાછળ દોડનારા આધુનિકોની પેઠે તેઓ તેની પરવાહ નહિં કરતાં છતાં 'યશઃશ્રી' હજુ તેમનો પીછો છોડતી નથી ! અધ્યાત્મરસપરિણિતિ વિના શાસ્ત્રનો ભાર માત્ર વહનારા ને નિર્માલ્ય તત્ત્વવિહીન ચર્ચાઓમાં શાસ્ત્રનો શસ્ત્ર તરીકે ઉપયોગ કરનારા આગમધરો તો ઘણાય છે, પણ અધ્યાત્મપરિણતિપૂર્વક શાસ્ત્રનો રસાસ્વાદ લેનારા ને શાસ્ત્રનો તાત્ત્વિક પ્રતિપાદનમાં કેવળ આત્માર્થે સદુપયોગ કરનારા તેમના જેવા નિરાગ્રહી ને પરિણત સાચા આગમરહસ્યવેદી શ્રુતધરો તો વિરલા જ છે. પ્રસ્તુત શ્રી કાંતિવિજયજીએ કહ્યું છે તેમ 'બીજા શતલક્ષ–ક્રોડ સદ્ગુણીઓ પણ આને ન પહોંચે.'

" **જશ સિદ્ધાંતદીપક શાસનેજી,**
**સ્વસમય પરમત દક્ષ;**
**પોંહચે નહિ કોઈ એહનેજી,**
**સુગુણ અનેરા શતલક્ષ.**
**પ્રભવાદિક શ્રુતકેવલીજી,**
**આગે હુઆ ષટ જેમ;**
**કલિમાંહે જોતાં થકાજી,**
**એ પણ શ્રુતધર એમ.**
**વાદિવચન–કસણિ ચઢોજી,**
**તુજ શ્રુત–સુરમણિ ખાસ;**
**બોધિ વૃદ્ધિ હેતે કરેજી,**
**બુધ જન તસ અસાસ.** "

**સુજસવેલી.**

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજીની જીવન ઝરમર.

લેખકઃ—મુનિશ્રી ન્યાયવિજયજી.

( ગતાંક પૃષ્ઠ ૧૩૭ થી શરૂ. )

ગુર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહે આ મહાન્ વ્યાકરણને હાથીની અંબાડી ઉપર પધરાવી, ઉત્સવપૂર્વક નગરમાં ફેરવ્યું. તેની બન્ને બાજુ ચામર વીંઝાતા હતા, માથે છત્ર ધરાવ્યું હતું અને મંગલગીત ગવાતા હતા, વાજીંત્રનાં મધુરા નાદ થઇ રહ્યા હતા. આવા ઠાઠથી તે મહાવ્યાકરણને નગરમાં ફેરવી તેની પૂજા કરી તેને પોતાના રાજકોષમાં પધરાવ્યું. આ જ વખતે એક પંડિતે સમયોચિત જનઉક્તિ કહી.

**भ्रातः ! संवृणु पाणिनीप्रलपितं,**
**का तंत्र कंथा वृथा माकार्षीः ।**
**कटु शाकटायनवचः**
**क्षुद्रेण चंद्रेण किम् ॥**
**किं कंठाभरणादिभिर्बठर-**
**यस्यात्मानमन्यैरपि श्रूयन्ते**
**यदि तावदर्थ मधुरा श्री सिद्धहेमोक्तयः**

હે ભાઇ ! જ્યાંસુધી શ્રી સિદ્ધહૈમ વ્યાકરણનાં અર્થમાધુર્યવાળાં વચનોનું શ્રવણ કરવામાં આવે ત્યાંસુધી પાણિની વ્યાકરણના પ્રલાપને બંધ રાખવા દે, ( શિવશર્મકૃત ) કાતંત્ર વ્યાકરણરૂપી કંથાને વૃથા સમજ, શાકટાયન વૈયાકરણના કટુવચનો કાઢ નહિં, ભલા ક્ષુદ્ર ( ચંદ્રગોમિ નામના બૌદ્ધાચાર્યકૃત ) ચાંદ્ર વ્યાકરણથી શું સરવાનું ? અને કંઠાભરણ આદિ અન્ય વ્યાકરણોથી પણ આત્માને શામાટે બઠર-કલુષિત કરે છે ?

બીજી પણ આવી જ સુંદર સ્તુતિ મળે છે.

**किं स्तुमः शब्दपाथोधे हेमचंद्रयतेर्मतिम् ?**
**एकेनापि हि येनेदृक्कृतं शब्दानुशासनम् ॥**

શબ્દોના સમુદ્રરૂપ હેમચંદ્રની મતિની શું સ્તુતિ કરીએ ? કારણકે તેમણે એકલાએ આવું ( મહાન્ ) શબ્દાનુશાસન રચ્યું છે.

ખરેખર ભારતવર્ષમાં અદ્યાવધિ એવો કોઇ વિદ્વાન્ પંડિત નથી થયો કે જેણે શ્રી હેમચંદ્રાચાર્યજીની માફક એકલા હાથે આવું મોટું વ્યાકરણ પંચાંગપૂર્ણ બનાવ્યું હોય. સૂરિજીમહારાજની સાહિત્યસેવા સંબંધી આગળ ઉપર લખીશ, પરંતુ સૂરિજી મહારાજમાં જે વચનચાતુર્ય, હાજરજવાબી અને બુદ્ધિનો અક્ષય ભંડાર હતો તેની થોડી વાનકી રજુ કરું છું.

એક વાર શ્રી હેમચંદ્રાચાર્યજી મહારાજ જૈન પાંડવ ચરિત્રના વ્યાખ્યાનો વાંચી રહ્યા હતા. અંતે પ્રસંગ આવ્યો કે પાંડવો શ્રી સિદ્ધાચલજી ઉપર મોક્ષે પધાર્યા હતા. બ્રાહ્મણોએ એની સામે વિરોધ ઉઠાવ્યો. અને રાજાને (સિદ્ધરાજને) કહ્યું કે-મહાભારતના આધારે વસ્તુ લઇ જૈનાચાર્યે પાંડવોને દીક્ષા અને મોક્ષ જણાવ્યાં છે પણ તે વાસ્તવિક નથી. પાંડવો તો કેદારજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયા છે અને તેઓ જિનવરેંદ્ર દેવના ઉપાસક નહિં કિન્તુ શંભુ મહાદેવજીના ઉપાસક હતા માટે જૈનાચાર્યનું કથન સત્ય નથી.

સિદ્ધરાજે આ સંબંધી શ્રી હેમચંદ્રાચાર્યજી મહારાજ પાસે ખુલાસો માગ્યો.

શ્રી હેમચંદ્રાચાર્યજીએ કહ્યું કે સાંભળો—

" મહાભારતનું યુદ્ધ કરતાં ગંગાપુત્ર ભીષ્મ પિતાએ પોતાના પરિવારને કહ્યું કે, મારા મૃત્યુ પછી મારો અગ્નિદાહ એવે ઠેકાણે કરજો જ્યાં પૂર્વે કોઇને બાળવામાં ન આવ્યા હોય. તેમના કુટુંબીઓયે આ વાત માની લીધી. તેમના મૃત્યુ પછી બધે તપાસ કરી પણ આખરે કોઇ સ્થાન એવું ન મલવાથી હિમાલયના શિખરે ગયા. ત્યાં કોઇને યે આ પાંડલાં બાળવામાં નહિ આવ્યા હોય એમ તેમનું માનવું હતું. જ્યાં અગ્નિ સંસ્કારની તૈયારી કરી ત્યાં તો આકાશમાંથી દૈવી વાણી થઇ—

**अत्र भीष्मं शतं दग्धं पांडवानां शतत्रयम् ।**
**द्रोणाचार्यसहस्रंतु कर्णसंख्या न विद्यते ॥१॥**

આ સ્થળે એક સો ભીમ, ત્રણસો પાંડવો, હજાર દ્રોણાચાર્ય અને અસંખ્ય કર્ણોને પૂર્વે દગ્ધ કરવામાં આવ્યા છે.

હવે આટલા બધા પાંડવોમાંથી શ્રી નેમિનાથજીના સમયે તેમના ઉપદેશથી દીક્ષા લઇ કોઇ પાંડવો મોક્ષે ગયા છે એમ શાસ્ત્રો માને છે તેમાં ખોટું શું છે ?

રાજા અને બ્રાહ્મણો આ વાત સમજીને મૌન રહ્યા.

× × × ×

એક વાર **આભીગ** નામના પંડિતે અભિમાનમાં આવી જઇ સૂરિજીને પૂછયું. આપનો જૈન ધર્મ તો ત્યાગપ્રધાન છે પરંતુ એમાં એક ન્યૂનતા છે, કે વ્યાખ્યાનમાં સ્ત્રીઓ સુંદર વસ્ત્રો પરિધાન કરીને આવે છે; બીજું ભલે તમે નિર્દોષ આહાર કરતા હો પરંતુ દૂધ, દહીં વગેરે પદાર્થો વિકારજનક હોવાથી તમે કઇ રીતે શુદ્ધ બ્રહ્મચર્ય પાળી શકો છો. જૂઓ સાંભળો—

**विश्वामित्रपराशरप्रभृतयो ये चांबुपत्राशना-**
**स्तेपि स्त्रीमुखपंकजं सललितं दृष्टेव मोहंगताः ।**
**आहारं सुदढं (सुघृतं) पयोदधि युतं ये**
**भुंजते मानवा,**
**स्तेषामिन्द्रियनिग्रहो यदि भवेद् विन्ध्यः**
**प्लवेत सागरे ॥**

વિશ્વામિત્ર અને પરાશર વગેરે ઋષિયો કે જેઓ માત્ર જળ અને પાંદડાંનું ભોજન કરતા તેઓ પણ સ્ત્રીના વિલાસયુક્ત મુખને જોતાં જ મોહમૂઢ બની ગયા, તો જે મનુષ્યો ઘૃત, દૂધ, દહીં સહિત સ્નિગ્ધ ભોજન કરતા, અને તે મનુષ્યો યદિ ઇંદ્રિયનિગ્રહ કરી શકતા હોય તો સમુદ્રમાં વિંધ્યાચલ ડુબી ગયો તેના જેવું ( આશ્ચર્ય ) થાય.

આનો ઉત્તર શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજે એવો સરસ આપ્યો છે કે વિદ્વાનને ફરી શંકા કરવાનો કે પૂછવાનો અવસર જ ન રહ્યો.

**" सिंहो बली हरिणशुकरमांसभोजी,**
**संवत्सरेण रतिमेति किलैकवारम् ।**
**पारापतः खरशिलाकणभोजनोऽपि,**
**कामी भवत्यनुदिनं बत कोऽत्र हेतुः ॥ "**

બલવાન સિંહ, હરણાં અને ડુક્કરનું માંસ ખાવા છતાંયે વરસમાં એક વાર રતિસુખ ભોગવે છે. જ્યારે કબુતર સુકા ધાન્ય (કાંકરા) ખાનારો છે છતાં પ્રતિદિન કામી બને છે. બોલો તેમાં શું કારણ હશે ? આ સાંભળી રાજા અને સભાજનો અતીવ પ્રમોદ પામ્યા.

( ચાલુ )

૧. અન્યત્ર " अत्र भीष्मशतं " પાઠ પણ મલે છે ત્યાં સો ભીષ્મ એમ સમજી લેવું (પ્રભાવક ચરિત્ર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રમાદનું સ્વરૂપ

**'समयं मा पमाए'** નામા નાનકડા સૂત્રનું મૂલ્યાંકન ઘણા જ લંબાણથી કર્યા પછી એની પૂર્ણાહૂતિના આ લેખમાં એનું અર્થાત્ એ 'પ્રમાદ'નું સ્વરુપ જોઇ જઈએ તો અસ્થાને નહીં ગણાય. પરમાત્મા શ્રી મહાવીરદેવે, પટ્ટશિષ્ય એવા શ્રી ગણધર મુખ્ય ગૌતમને 'સમય માત્રનો પણ પ્રમાદ કરીશ નહીં' એ કહેવામાં કેવી દીર્ઘદ્રષ્ટિ વાપરી છે તેનો સાચો ખ્યાલ એ સ્વરુપના અવગાહનથી જ આવી શકે.

(૧) મદ (૨) વિષય (૩) કષાય (૪) વિકથા અને (૫) નિદ્રા રૂપ પાંચ ભેદમાં વહેંચાયેલો આ પ્રમાદનામા વિકટ દુર્ગ અતિ કપરો હોઇ દુઃખે સાધ્ય છે. મદને સ્થાને કોઇ સ્થળે મદ્ય જોવામાં આવે છે અને એનો અર્થ મદિરા થાય છે. એ જોતાં પરિસ્થિતિ તદ્દન ચોકખી બની જાય છે. દારૂ પીનાર ભાન અને જ્ઞાન ભૂલી જાય છે એ કોનાથી અજાણ્યું છે? પણ એને બદલે મદ લેવામાં આવે તો તે પણ અહીં આગળ બંધબેસતું થઇ પડે છે. એ પાંચે ચીજો માનવને ઉંધા પાટા બંધાવવામાં પ્રગતિના પાટેથી ઉતારી મૂકવામાં, અને ભવભ્રમણની ઊંડી ગર્તામાં હડસેલી દેવામાં એક સરખી શક્તિ ધરાવે છે. જગતભરના બનાવોનું બારિકાઇથી અવલોકન કરવામાં આવે તો એના મૂળમાં ઉપરની પાંચ બાબતોમાંથી હરકોઇ એક અગર તેથી વધુ, રમતી દ્રષ્ટિગોચર થશે. ઉન્નત્તિના સાધક માટે, પ્રગતિની કૂચ કદમ કરનાર પથિક માટે આ ભયસ્થાનો જેવાં તેવાં નથીજ. બાહ્યથી ક્ષુદ્ર જણાતી આ પાંચ વસ્તુઓના પેટાળમાં એવો ભયંકર ને જલ્લદ મશાલો ભર્યો પડ્યો છે કે એકવાર એમાં લપટાતાંજ અવનતીના શ્રી ગણેશ મંડાય છે! ઉપરથી મીઠી ને મધુરી લાગતી મોજ ધીમે ધીમે આત્માને એવી વિલક્ષણતાથી નીચે ને નીચે ગબડાવી જાય છે કે પોતે ક્યાં જઇ રહ્યો છે એનું ભાન સરખું યે એને થવા પામતું નથી! કોઇ જ્ઞાની સંતનો સમાગમ સાંપડે તો કદાચ પાટો ફેર થવાનો સંભવ છે નહીં તો અધઃપતનની પૂરી ઊંડાઇ માપવી પડે છે.! ખરેખર સાડા સાતની પનોતી બેસે છે: અગાઉ જોઇ ગયા એ ઉદાહરણો એના જીવતાં ને જાગતાં જ્વલંત પૂરાવા છે. એની પૂર્તિ કરવી હોય તો વર્તમાનકાળના બનાવોમાં પણ કંઇ ઓછી સામગ્રી ભરી પડી નથી! આવા કારણોસર તો એ સૂત્ર ટંકશાળી બન્યું છે. એટલા કારણથી તો ખુદ ચરમ તીર્થપતિએ સ્વમુખે પ્રથમ ગણધર શ્રી ઇંદ્રભૂતિને ઉદ્દેશી એને વહેતું કર્યું છે.

મદનો સામાન્ય અર્થ અભિમાન થાય છે અને એના પ્રકાર આઠ છે:-

(૧) જાતિમદ-હરિકેશીને એ કરવાથી ચંડાલની જાતિ પ્રાપ્ત થઇ.

(૨) કુળમદ-ગોત્રનો મદ કરવાથી ભરતપુત્ર મરિચીએ કેવું ભવભ્રમણ વધાર્યું-વારંવાર કેવી રીતે માંગણ કુળમાં જન્મ લીધો અને પ્રથમ તીર્થપતિના હાથે સંયમ જેવી અણમૂલી વસ્તુ પામ્યા છતાં કેવી છક્કડ ખાધી એ સારો યે ઇતિહાસ એટલે પ્રભુશ્રી વીરનું જીવન ચરિત્ર.

(૩) બળમદ-એ પરાક્રમના અભિમાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રેણિક અને વસુભૂતિ કેવી રીતે નરકમાં ધકેલાયા એ જાણવું હોય તો કથા સાહિત્યના પાના ફેરવાવા ઘટે. ત્યારે જ સમજાય કે બળ મેળવવું એ જૂદી વાત છે અને એનો ગર્વ કરવો એ જૂદી વાત છે. વસ્તુની પ્રાપ્તિ જરૂરી હોવા છતાં એ માટેનું અભિમાન તો વ્યર્થ છે.

(૪) રૂપમદ અંગે ચક્રી સનત્‌કુમારનું દ્રષ્ટાંત તો જાણીતું છે. 'રોમ રોમ કાયા બિગડી ગઇ, મદ ચોથાનું એ ટાણું રે' એ મુનિશ્રી માનવિજયકૃત સજ્ઝાયનું અર્ધું પાદ કોણ નથી જાણતું ?

(૫) તપમદ પર કૂરગડુ રૂષિનું-અને

(૬) ઋદ્ધિમદ પર દશાર્ણનૃપનું એવી જ રીતે વિદ્યા યાને જ્ઞાનનો મદ કરવાથી શ્રી સ્થુલભદ્ર મુનિ સંપૂર્ણ ચૌદ પૂરવનો અર્થ ન પામ્યાનું-ઉદાહરણ ઉક્ત સજ્ઝાયમાં મૂકેલ છે અને ભાગ્યે જ એ કથાનકોથી વાંચક અજ્ઞાત હશે. આઠમા રિદ્ધિના મદ ઉપર ચક્રવર્તી સુભૂમનું દ્રષ્ટાન્ત છે. છ ખંડ ધરતીના ભોક્તાને પ્રાપ્ત થયેલ અપાર સંપત્તિથી સંતોષ ન વળ્યો એટલે લવણ સમુદ્ર ઓળંગી ધાતકીખંડમાં વિજય વરવાનો અભિલાષ થયો અને એ ઘેલછાથી ભરસમુદ્રમાં યમના અતિથિ બનવું પડ્યું ! પૂર્ણાહૂતિ કરતાં શ્રી માનવિજયજી કહે છે કે-' એમ તન ધન યોવન રાજ્યનો, મન 'મા' ધરો અહંકારો રે અને વાત સો ટચના સોના જેવી સાચી છે એ આપણે લંબાણથી જોઇ ગયા. સમરાદિત્ય ચરિત્રના મૂળમાં નજર નાંખીશું તો ત્યાં પણ આ ત્રણ અક્ષરનો પ્રમાદ જ દ્રષ્ટિગોચર થાય છે. ગુણસેન રાજા અકસ્માતિક કારણના યોગે એક બે નહીં પણ ત્રણ વાર માસોપવાસી તાપથી અગ્નિશર્માને પારણું નથી કરાવી શકતો ! આમાં જરૂર પ્રમાદ રહેલો છે અને પછી સમતાને સ્થાને-પૂર્વકર્મના અંતરાયને નિમિત્તભૂત લેખવાને બદલે-અગ્નિશર્મા ક્રોધથી ભભૂકી ઉઠી જે વેર લેવાનું નિયાણું કરે છે એ પ્રમાદનો અતિરેક નહીં તો બીજું શું કહેવાય ! તપનું અજીરણ ક્રોધ છે એ જ્ઞાની વચન સાચું જ છે. પ્રમાદના આવા પ્રસંગોથી સાવચેત રહેવાની જરૂર છે. નહીં તો જીંદગીની કમાણી પળમાં ધૂળમાં મળી જાય છે.

ઇંદ્રિયોના વિષયથી જગતભરના જીવો ચોરાશીના ભ્રમણ કર્યા જાય છે ! એમાં જીહ્વારસે તો ભલભલા સંયમીને નથી છોડ્યા ! સ્પર્શ ઇંદ્રિયના વિષય માટે હાથીનું, રસ પર માછલાનું, ઘ્રાણ પર ભમરાનું ચક્ષુ પર પતંગીયાનું અને શ્રોત્ર પર મૃગલાનું ઉદાહરણ ટાંકી પાંચે ઇંદ્રિયોના વિષયમાં આકંઠ ડૂબેલા માનવોને જ્ઞાની ભગવંતો, તેઓના નિશામાંથી મુક્ત થવા સારૂ લાલ બત્તી ધરતા આવ્યા છે; એ સારૂ દ્રષ્ટાન્તો શોધવા જવાની જરૂર નથી જ. કષાયમાં ક્રોધ-માન-માયા અને લોભ મુખ્ય સ્થંભરૂપ છે. સંસારરૂપી વૃક્ષની જે વિશાળતા-નિબિડતા અને સમૃદ્ધ દશા દ્રષ્ટિગોચર થાય છે એના નિમિત્તરૂપ કષાયોજ છે. તેથી તો **कषायमुक्तिः** માંજ સાચી મુક્તિ યાને મોક્ષ કહેવાયો છે. સ્થંભતીર્થના વતની એવા મુનિવર્ય શ્રી ઉદયરત્ને એ ચંડાળ ચોકડી પર જે ચાર નાનકડી સજ્ઝાયો રચી છે એ દરેકે રટણ કરવા જેવી છે. એમાં ટૂંકામાં કિંમતી સાર મૂકી દીધો છે. ક્રોધથી ક્રોડ પૂર્વનું તપ હારી જનાર ચંડકૌશિકની વાતનો ઇશારો કરી, આગની સાથે સરખામણી કરી, થોડા શબ્દોમાં મુદ્દાની વાત કહી દીધી છે. માનની સજ્ઝાયમાં-'માને વિનય ન આવે રે, વિનય વિના વિદ્યા નહીં, તો કિમ સમકિત પાવે રે ! સમકિત વિણ ચારિત્ર હીં, ચારિત્ર વિણ નહીં મુક્તિ રે' આ ઉલ્લેખોથી પરિસ્થિતિ સ્પષ્ટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી છે અને માન કરનાર રાવણ પ્રતિવાસુદેવના કથાનક પ્રતિ ધ્યાન ખેંચ્યું છે. માયા અંગે લેખતાં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે-માયા છે તો મિથ્યાત્વ પણ છે જ. તપ જેવી પવિત્ર કરણીમાં આ માયા નાગિનીનો ગોગ થતાં તીર્થપતિ મલ્લીજિનને સ્ત્રી વેદ પામવો પડ્યો ત્યાં અન્યની શી વાત કરવી ! લોભ તો સર્વ પાપનો પિતા ! એની અસર તો ઠેઠ દશમા ગુણસ્થાનક સુધી ! લોભનો થોભ નહીં એ તો જન ઉક્તિ છે અને લાભથી લોભ વધતો જાય એટલે નિવૃત્તિ આઘી ઠેલાય. એ તો કપિલ કેવલીના દ્રષ્ટાન્તથી સહજ સમજાય છે. બાકી લોભના પાશમાં આકંઠ બૂડી, કેવળ તેલ ને ચોળા પર જીવન નિર્વાહ કરી અણમૂલા જવાહરોનો બળદ બનાવનાર, અને શિંગડાનો બાકીનો ભાગ પુરો કરવા સારૂ શીતઋતુની કડકડતી ઠંડીમાં સાગરતટપર રેલના લાકડા એકઠા કરવા જનાર મમ્મણશેઠના કથાનકથી ભાગ્યે જ કોઈ અજ્ઞાત હોય! આ રીતે કષાયરૂપ ચંડાળ ચોકડી વડે જ સંસારનો ચક્રાવો વૃદ્ધિ પામે છે એમ કહેવામાં રંચ માત્ર અતિશયોક્તિ નથી. પ્રમાદના પેટાલમાં સમાય જતી આ ચોકડી નાનો સૂનો ભાગ નથી ભજવતી. વીતરાગ સિવાય એનું મર્દન કરનાર કે કાયમને માટે કૂચો કરી નાખનાર અન્ય કોઇ વિરલો જન્મ્યો નથી. રાગ અને દ્વેષનો સર્વથા જય એનું નામ જ વીતરાગદશા. આ કષાયો એ રાગદ્વેષરૂપી બેલડીનાંજ સંતાનો-ત્રણ ભાઈ અને એક બ્હેને ક્રોધ માન-લોભ અને માયાએ જ એકઠા થઇ આ જગત્માં એવું તો ભયંકર અને ભલભલા મહારથીઓને મુંજવી નાંખે તેવું ધમસાણ મચાવ્યું છે કે જેનું સાચું રહસ્ય મૂઠીભર ઉત્કૃષ્ટ ત્યાગીઓ સિવાય અન્યના લક્ષ્યમાં પણ હજુ આવ્યું નથી-'**कषायमुक्ति किल एव मुक्तिः**' એ જ્ઞાની વચન છે.

પ્રમાદના ચોથા પ્રકારમાં વિકથાનો નંબર લાગે છે. એમાં રાજકથા-સ્ત્રી કથા-ભોજનકથા અને દેશકથા એવા ભાગ રખાયા છે. કેટલાક આ પાછળનું રહસ્ય સમજ્યા વિના કહી દે છે કે જો આ ચાર જાતની વાત કરવાપણું જ ન હોય તો જીહ્વા ઇંદ્રિયનો કે મળેલ મુખનો ઉપયોગ જ શો છે? તો તો મુગાપણું જ પ્રશંસનીય લેખાય! વસ્તુતઃ ઉપર જે ભાગ પાડ્યા છે એ પાછળ હેતુ તો એટલો જ છે કે વિનાકારણ કોઈપણ જાતના સ્વાર્થ કે હેતુ વગર, કામ ધંધો છોડી એ પાછળ જે કાળક્ષેપ કરવામાં આવે છે એ સામે અહીં લાલબત્તી ધરવામાં આવી છે. એ વસ્તુઓના ગુણ અવગુણની પિછાન કે તુલના કરવા સંબંધમાં કે અમુક હેતુ આશ્રયી એ અંગે પ્રેમ ધરવામાં કંઇ જ દૂષણ નથી. માનવજીવનમાં એ ચારે પ્રકારની કથાઓ અમુક પ્રમાણમાં તો અગત્ય ધરાવે છે એટલે એ સંબંધમાં અમુક પ્રકારના બંધન તો રહેવાના જ. બંધન છે એટલે વિચારણા પણ સંભવે જ. અહીં જે ઇશારો છે તે 'નવરા બેઠા નખોદ' વાળનાર વર્ગ માટે જ છે. વિના કારણની કુથલી અંગે છે. પ્રમાદના મથાળા હેઠળ નકામી ચર્ચાજ આવી શકે છે. છેલ્લો પ્રકાર તે નિદ્રાનો-એ એવી અવસ્થા છે કે જેમાં ચેતનાશક્તિ સુષુપ્ત હોય છે એટલે પ્રમાદનું રાજ્ય પ્રવર્તે છે. તીર્થંકરદેવોએ નિદ્રા, નિદ્રા નિદ્રા પ્રચલા, પ્રચલા પ્રચલા અને થિણદ્ધીરૂપ પાંચ ભેદ બતાવ્યા છે. એમાં એક કરતાં બીજી અને એ કરતાં ત્રીજી વધારે કપરી છે. છેલ્લી થિણદ્ધીનો ભયંકર ઉદ્દકાપાત મચાવનારી છે. એના પનારે પડવાથી ક્ષમાના અવતાર શ્રમણ પણ દારૂણ હીંસામાં હાથ બોળે છે અને છતાં પોતે રાત્રિયે શું કરી આવે છે એની દિ' ઉગ્યે ખુદ પોતાને પણ ભાળ હોતી નથી! આમ પ્રમાદની પરાકાષ્ઠા નિદ્રાના આ અંતિમ પ્રકારમાં પૂર્ણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વરૂપે દ્રષ્ટિગોચર થાય છે, ભગવાન મહાવીર દેવે '**समयं मा पमाए**' જેવું ટંકશાળી વચન આલેખી, પોતાના સત્તાવીશ ભવનો નિચોડ રજુ કર્યો છે અર્થાત્ પ્રમાદના ઝોકે ચઢવાથી કેવી ચઢ- ઉતર કરવી પડી છે એનો અનુભવેલ સાર દર્શાવ્યો છે, તેમ જગત્‌ના જીવો એ કિંમતી સૂત્ર પાછળનો ભાવ બરાબર હૃદયમાં ઉતારી સ્વજીવનને એ દ્વારા નોતરાતા ભરતી ઓટોથી બચાવે એ ભાવદયા પણ નજર સામે રાખી છે. પ્રમાદના પ્રસંગો ઉપસ્થિત થતાં એમાં આપણે ભાન ન ભૂલીએ અને દયેય પ્રતિની કૂચ ચાલુ રાખીએ એ જ અભ્યર્થના!

સંપૂર્ણ. **ચોકસી**

---

# જિનશાસન-જ્યોતિર્ધર.

(૧)

જિનશાસન જ્યોતિર્ધર આત્મારામજી!
દર વર્ષે ઉજવીયે ઉત્સવ આજ જો;
ન્યાયાંભોનિધિ વિજયાનંદસૂરિ તણા,
સંસ્મરણો ઉર ધરતાં સરસે કાજ જો.
**જિનશાસન જ્યોતિર્ધર આત્મારામજી મ.**

(૨)

બ્રહ્મતેજ ક્ષત્રીય વંશે લઈ જન્મને,
ગણેશ-રૂપાની શોભાવી કાય જો;
પ્રેમ શૌર્ય-સાહસ નસ-નસમાં ઉતર્યા,
જીવન રસ ઉલ્લાસભર્યું ઉભરાય જો.
**યુગદષ્ટા યોગી શ્રી આત્મારામજી મ.**

(૩)

જૈન-સમાજે રાગદ્વેષ જડ બંધનો,
એસહ પ્રસર્યા વાડાના વિસ્તાર જો;
મૂર્ત્ત સ્વરૂપે ધર્મ પ્રભુનો પારખ્યો,
શાસ્ત્રાભ્યાસે શોધ્યો સાત્ત્વિક સાર જો.
**નૂતન તત્વ પ્રચારક આત્મારામજી મ.**

(૪)

અપૂર્વ યોગે વીરચંદ્ર ગાંધી મળ્યા,
શિષ્ય બની તાત્ત્વિક સુણ્યો સંદેશ જો;
વિશ્વધર્મ પરિષદ્‌માં વ્યાખ્યાનો કર્યા,
વીરધર્મ ધ્વજ ફરકાવ્યો એ દેશ જો.
**સૂર્ય સમા તેજસ્વી આત્મારામજી મ.**

(૫)

જાગો દિવ્ય પ્રભાતે દૈવી બંધુઓ!
જૈન જગત હીત અર્થે અર્પો પ્રાણ જો;
સાદી સેવા લઘુતામાં પ્રભુતા વસે,
વિશ્વ ઐકય છે મંગલ મોંઘી લ્હાણ જો.
**શાશ્વત શાંતિપદ હો આત્મારામજી મ.**

લે. સદ્‌ગત સાક્ષર,
**મોહનલાલ દલીચંદ દેશાઇ**

---

# વર્તમાન સમાચાર.

પરમગુરૂદેવ, પ્રાતઃસ્મરણીય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી મહારાજ ) ની જન્મ જયંતી ચૈત્ર શુદ ૧ ( જૈની શુદ ૨ ) બુધવારના રોજ શેઠ શ્રી સકરચંદભાઇ મોતીલાલભાઇ મુળજીની મળેલી આર્થિક સહાય વડે શ્રી પરમપવિત્ર શત્રુંજયગિરિ ઉજવવામાં આવી હતી. ગયા વર્ષ મુજબ દેવ ગુરુભક્તિ ( આંગી, પૂજા, વગેરેથી ) કરવામાં આવી હતી. આ સભાનું સદ્ભાગ્ય છે કે દેવ ગુરૂ ભક્તિના આવા આત્મકલ્યાણ માટે માંગલિક પ્રસંગો પ્રાપ્ત થયા છે. બીજા લાભો સાથે આ આત્મિક લાભ સભ્યોને મળતો હોવાથી નવા સભાસદોની વૃદ્ધિ થતી જાય છે.

---

**સુધારો**—ગતાંકના પા. ૧૪૮ ના ૨૧મી લાઇનમાં શ્રુત-સ્થવિર શ્રીમાન્ આનંદસાગરસૂરિ વિરચિત ને બદલે "શ્રુત સ્થવિર વિરચિતા" એમ વાંચવું.

---

**નમ્ર સૂચના**—પ્રકાશક મહાશયો તરફથી આ સભાને મળેલા ભેટના ગ્રંથોનો સ્વીકાર સમાલોચના આવતા અંકમાં નામ સાથે આવશે. *તંત્રી*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## છપાતાં ગુજરાતી ગ્રંથો.

૨ કથારત્નકોષ. ૪ શ્રી મહાવીરદેવના વખતની મહાદેવીઓ.
૩ શ્રી સંઘપતિ ચરિત્ર. ૫ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર.

જે કે છપાઈ રહેતાં શુમારે બે હજાર પાનાનું સુંદર વાંચન થશે. આવી સખ્ત મોંઘવારી છતાં સભા આ ઉત્તમોત્તમ સુંદર સાહિત્યના પ્રકાશનનું કાર્ય ઉદ્દેશ પ્રમાણે કરે છે. નવા થનારા લાઇફ મેમ્બરોને લાભ લેવા જેવું છે. જલદી નામ નોંધાવો.

નાં. ૪ માં આર્થિક સહાય આપનાર બંધુઓનું જીવનચરિત્ર ફોટા સાથે આપવામાં આવશે.

## સંસ્કૃત સીરીઝ પ્રકાશન ખાતું.

નીચેના ગ્રંથો સીલીકમાં જુજ છે, ફરી છપાવી શકાય તેમ નથી.

૧ શ્રીબૃહતકલ્પસૂત્ર ભાગ ૪–૫ રૂા. પાા રૂા. ૬ા રૂા. ૫). ૨ કર્મગ્રંથ બીજો ભાગ ( પાંચમોછઠ્ઠો ) રૂા. ૪–૦–૦. ૩ શ્રીઆદિનાથચરિત્રપ્રથમપર્વ(પ્રતતથાબુકાકારે) કિં.૧–૮. ૪ શ્રીકથારત્નકોષગ્રંથલેઝરપેપર.૧૦,ગ્લેઝપેપર૮–૮ ૫ જૈન મેઘદૂત રૂા. કિં. ૨–૦–૦.

## દેવાધિદેવ શ્રીતીર્થંકર ભગવાનોના સુંદર ચરિત્રો.

નીચેના ગ્રંથોની માત્ર થોડી કોપીયો સિલક છે. ફરી તે પણ છપાઇ શકે તેમ નથી, જલદી લાભ લેવા જેવું છે—

૧ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર (બીજો ભાગ) રૂા. ૨–૮–૦
૨ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર રૂા. ૨–૦–૦
૩ શ્રી વિમળનાથ ચરિત્ર રૂા. ૨–૦–૦

## સત્ત્વશાળી અને આદર્શ પુરુષોના ચરિત્રો.

શ્રી સુમુખ નૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા (સચિત્ર) ૧–૦–૦ શ્રી જૈન નરરત્ન "ભામાશાહ" ૨–૦–૦ શ્રી પૃથ્વીકુમાર ( સુકૃતસાગર ) ચરિત્ર ૧–૦–૦ શ્રી સમરસિંહ ચરિત્ર શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર ૦–૪–૦ શ્રી કર્માશાહ ચરિત્ર શત્રુંજયનો સોળમો ઉદ્ધાર ૦–૪–૦ શ્રી કલિંગયુદ્ધ અને મહારાજા ખારવેલ ૦–૧૨–૦ શ્રી વિજયાનંદસૂરિ ૦–૮–૦. દરેક ગ્રંથ પ્રભાવશાળી મહાન નરરત્નના ચરિત્ર સાથે ખાસ મનન કરવા જેવા, ઉપદેશક અને સાદી અને સરલ ભાષામાં, સુંદર ટાઇપ, આકર્ષક બાઇન્ડીંગ અને ઉંચા કાગળોમાં પ્રગટ થયેલ છે. પોસ્ટેજ સર્વનું અલગ.

## શ્રી કુમાર વિહાર શતક ગ્રંથ.

### શ્રી રામચંદ્રગણિ કૃત મૂળ અને શ્રી સુધાભૂષણગણિ કૃત અવચૂરિ અને તેનો ગુજરાતીમાં ભાવાર્થ વિશેષાર્થ સહિત.

તેરમાં સૈકામાં રસ અને અલંકારના ચમત્કારથી વિભુષિત અસાધારણ નૈસર્ગિક આ ખંડ કાવ્યની રચના થયેલી છે. પરમાર્હત કુમારપાળ મહારાજાએ પાટણમાં પોતાના પિતા ત્રિભુવનપાળના નામથી બનાવેલ શ્રી કુમારવિહાર જૈન મંદિર અને આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે પ્રતિષ્ઠા કરેલ શ્રી પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ રૂપ આ કાવ્યની રચના હોવા સાથે તે મંદિરનું ચમત્કારિક વર્ણન આપેલ છે. તે મંદિરમાં અને મુખ્ય પ્રાસાદની અંદર ૧૨૫ અંગુલ ચંદ્રકાન્તમણીની પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા હતી. સર્વ કળશો અને સ્તંભો સુવર્ણના હતા. એકંદરે તે જિનમંદિર ૯૬ કોટિ દ્રવ્ય ખરચી કુમારપાળ મહારાજે બંધાવ્યું હતું, તેનું વર્ણન છે. કાવ્યની રચના સાથે તેનું ગુજરાતીનું ભાષાંતર પણ આપવામાં આવ્યું છે. ૨૫૦ પાનનો ગ્રંથ છે. કિં. રૂા. ૨.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

## થોડી નકલો ॥श्री कथारत्न कोष मूल॥ (कहारायण कोसो) સિલિકે છે.

આ "કથારત્ન કોષ" ગ્રંથ પ્રાકૃત ભાષામાં શ્રી દેવભદ્રાચાર્ય જેવા વિદ્વાન આચાર્ય મહારાજે સંવત ૧૧૫૮ માં તાડપત્ર ઉપર શ્લોક ૧૧૫૦૦ પ્રમાણમાં રચેલો છે; પ્રાચીન તાડપત્રની પ્રત ઉપરથી ઘણા જ પરિશ્રમે સાક્ષરવર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે સંશોધન કરી તૈયાર કરેલ છે, જે જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. અત્યાર સુધી જે ગ્રન્થનું નામ પણ સાંભળવામાં આવેલ નથી, એવા મહા મૂલ્યવાન જુદા જુદા ૫૦ જૈનધર્મના તત્ત્વજ્ઞાન અને બીજા જાણવાલાયક વિષયો ઉપર અનેક અનુપમ કથારૂપી રત્ન ભંડાર આ ગ્રંથમાં ભરેલ છે; શ્રી મુનિ મહારાજાઓને વ્યાખ્યાન માટે તો ખાસ ઉપયોગી છે, તેમ પુરવાર થયેલ છે ફોર્મ ૬૬ પાના ૮૦૦ આઠસેંહુ ઉંચા લેઝર પેપર, અને ઉંચા ટકાઉ ગ્લેઇઝ પેપર ઉપર શાસ્ત્રી સુંદર ટાઇપથી પ્રતાકારે છપાવવામાં આવેલ છે, અનુક્રમે કિંમત રૂા. ૧૦) તથા રૂા. ૮-૮-૦

---

## જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય.

(સંગ્રાહક અને સંપાદક શ્રી જિનવિજયજી સાહેબ, આચાર્ય ગુજરાત પુરાતત્ત્વ મંદિર)

શ્રી જૈન શાસનની ઉન્નતિ કરનારા આચાર્યો, સાધુઓ, સાધ્વીઓ અને ગૃહસ્થોના જીવન ચરિત્ર સૌરભને પ્રસરાવનારા પ્રાચીન ગુજરાતી ભાષામાં રચાયેલ પ્રામાણિક, ઐતિહાસિક પ્રબંધો, કાવ્યો અને રાસોનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે. આ ગ્રંથમાં એકત્રીશ વ્યક્તિના તેત્રીશ કાવ્યોનો સંચય-ગુજરાતી રાસોનું સંશોધન કાર્ય સંપાદક મહાશયે કરેલ છે; તેમજ પાછળના કેટલાક રાસો વગેરેનું શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલ એલ. બી. તેમજ વકીલ કેશવલાલ પ્રેમચંદ મોદી બી. એ. એલ.એલ. બી. એ ઉપોદ્ઘાત પરિશિષ્ટો અને કેટલાક રાસો છોટાલાલ મગનલાલ શાહ અને પંડિત લાલચંદ ભગવાનદાસ ગાંધી વગેરે સાક્ષરોએ સંપાદન કાર્ય કરેલ છે.

તેનો રચના કાળ ચાૈદમાં સૈકાથી પ્રારંભી વીસમા સૈકાના પ્રથમ ચરણ સુધી સાડા ચાર સૈકાનો છે, તે સૈકાઓનું ભાષા સ્વરૂપ, ધાર્મિક, સમાજ, રાજકીય વ્યવસ્થા, રીતરીવાજો, આચારવિચાર અને તે તે સમયના લોકોની ગતિનું લક્ષબિંદુ એ દરેકને લગતી સત્ય પ્રમાણિક બધી માહિતિઓ આ ગ્રંથમાં આપવામાં આવેલી છે.

પંદરમા સૈકા પછીના આચાર્યોએ ગુજરાતી ભાષામાં તે તે સમયમાં ને રૂપમાં તે તે પ્રાન્તમાં ગ્રામ્ય ભાષા ચાલતી તેને પ્રાધાન્યપણું આપી રચેલા આ કાવ્યો છે. આ કાવ્યોના કર્તા કવિઓની પ્રતિભા પણ તેમાં તરી આવે છે.

આ ગ્રંથમાં કાવ્યો, તથા રાસોનો ગુજરાતી ભાષામાં સાર, કર્તા મહાશયો ક્યા ક્યા ગચ્છના હતા, તે તેમજ તેઓશ્રીના ગચ્છોના નામો, ગૃહસ્થોના નામો, તમામ મહાશયોના સ્થળો, સંવત સાથે આપી આ કાવ્ય સાહિત્યની સુંદર અને સરલ ઉપયોગી રચના બનાવી છે, ૫૦૦ પાંચસો પાના કરતાં વધારે છે. કિંમત રૂા. ૨-૧૨-૦ પોસ્ટેજ અલગ.

---

## શ્રી તત્ત્વનિર્ણયપ્રાસાદ ગ્રંથ.

પ્રાતઃસ્મરણીય શ્રી આત્મારામજી (શ્રી વિજયાનંદ સૂરીશ્વરજી) મહારાજની કૃતિના અનેક અણમૂલા ગ્રંથોમાં મોટામાં મોટો અનેક જાણવા જેવી અનેક હકીકતો સાથેનો આ ગ્રંથ છે. પાના ૯૦૦ ઉપરાંત છે. આ ગ્રંથ ફરી છપાય તેમ પણ નથી. અમારી પાસે તેની ૫૦) કોપી માત્ર આવેલી છે. કિંમત રૂા. ૧૦) દશ પોસ્ટેજ અલગ.

---

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only